અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---

**વી. જગન્નાધા રાવ અને અન્ય**

**વિ.**

**એ.પી. રાજ્ય અને અન્ય**

**નવેમ્બર ૭, ૨૦૦૧**

**[જી.બી. પટ્ટનાઈક, રૂમા પાલ અને અરીજિત પશાયત, ન્યાયમૂર્તીશ્રી.]**

*સેવા કાયદો :*

*આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોનું સંગઠન અને સીધી ભરતીનું નિયમન) હૂકમ, ૧૯૭૫ :*

*રાષ્ટ્રપતિ હૂકમ—પરા ૩(૩), ૫(૧)—જાહેર રોજગાર, શિક્ષણ વગેરે બાબતોમાં રાજ્યના વિવિધ ભાગોને સંબંધિત લોકો માટે સમાનતાપૂર્ણ તકો અને સુવિધાઓ પૂરી પાડવા માટે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૭૧-ડી હેઠળ જારી કરાયેલ રાષ્ટ્રપતિ હૂકમ—રાષ્ટ્રપતિ હૂકમના અનુસરણમાં ફેક્ટરીઝ એન્ડ બોઈલર્સ વિભાગના મિનિસ્ટિરિયલ પદોને સ્થાનિક કેડરોમાં સંગઠિત કરવામાં આવ્યા હતા—સરકારે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૦૯ના પ્રાવધાન હેઠળ વિશેષ નિયમો જારી કરીને ફેક્ટરીઝ એન્ડ બોઈલર્સ વિભાગ તેમજ શ્રમ વિભાગના સિનિયર આસિસ્ટન્ટને આંધ્ર પ્રદેશ લેબર સબઓર્ડિનેટ સર્વિસમાં આસિસ્ટન્ટ લેબર ઓફિસર/આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ ફેક્ટરીઝના પદ પર બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર બનાવ્યા—રાજ્ય પ્રશાસકીય ટ્રિબ્યુનલએ જાહેર કર્યું કે વિવાદિત નિયમો, જેટલી હદ સુધી તેઓ ફેક્ટરીઝ એન્ડ બોઈલર્સ વિભાગ અથવા અન્ય કોઈ વિભાગના મિનિસ્ટિરિયલ કર્મચારીઓને શ્રમ વિભાગના પદો પર નિમણૂક માટે વિચારણા પામવા સક્ષમ બનાવે છે, તે રાષ્ટ્રપતિ હૂકમના પરા ૩ અને ૫નું ઉલ્લંઘન કરે છે અને તેથી શૂન્ય છે—તેની યોગ્યતા અંગે—નિર્ણિત:*

ભારતના બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી(૧૦) અને તેના હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ હૂકમ, જો ભારતના બંધારણના અનુચ્છેદ ૩૦૯ના પ્રાવધાન હેઠળ બનાવવામાં આવેલ કોઈ નિયમ રાષ્ટ્રપતિ હૂકમ મુજબ ઘડાયેલો ન હોય, તો આવા નિયમ ઉપર પ્રાધાન્ય પામશે—ટ્રિબ્યુનલ દ્વારા દર્શાવેલી હદ સુધી વિશેષ નિયમ બંધારણીય રીતે અમાન્ય છે અને યોગ્ય રીતે રદ કરવામાં આવ્યો હતો—ભારતનું બંધારણ, ૧૯૫૦, અનુચ્છેદો ૩૦૯ અને ૩૭૧–ડી—મૂળભૂત નિયમો, નિયમો ૨(૧૮) અને ૧૫(એ).

પરિછેદ ૫(૨)—બદલી—તેનો કાર્યક્ષેત્ર અને વ્યાપ—એવું ઠરાવવામાં આવ્યું: બદલીનો અર્થ સંસ્થાની અંદર રોજગારના સ્થાનમાં ફેરફાર એવો થાય છે—તે જાહેર સેવાની અનુસંગિક ઘટના છે—મૂળભૂત રીતે તે સમાન કેડરની સમકક્ષ પદ પર થાય છે અને તેમાં બઢતીનો સમાવેશ થતો નથી—બદલી નોકરીદાતાની સંસ્થાની અંદર આડવી ગતિ છે, ઊભી ગતિ નથી।

કાયદાઓનું અર્થઘટન :

અર્થઘટનના નિયમો—વિધાનમંડળના આશયનું—નિર્ધારણ—એવું ઠરાવવામાં આવ્યું: તેનો નિર્ધારણ અધિનિયમની ભાષામાંથી કરવો પડે—એવું અર્થઘટન, જેમાં શબ્દો ઉમેરવાની અથવા બદલવાની જરૂર પડે અથવા શબ્દોને નિર્અર્થક માનીને અસ્વીકાર કરવા પડે, તે ટાળવું જોઈએ.

*શબ્દો અને વાક્યપ્રયોગો :*

*"બદલી"—નો અર્થ—આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોની રચના અને પ્રત્યક્ષ ભરતીના નિયમન) હૂકમ, ૧૯૭૫ ના પેરા ૫(૨) ના સંદર્ભમાં.*

**આંધ્ર પ્રદેશ. રાજ્યના શ્રમ અને કારખાના વિભાગમાં ૩ એકમો હતા, નામે, શ્રમ, કારખાના અને બોઈલર્સ. અનુસંધાને, વધુ એક એકમ, એટલે કે, સ્થાપના એકમની રચના કરવામાં આવી. રાજ્યના જુદા જુદા ભાગોને સંબંધિત લોકોને જાહેર રોજગાર, શિક્ષણ વગેરેના ક્ષેત્રમાં સમાનતાપૂર્ણ તકો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી હેઠળ રાષ્ટ્રપતિ હૂકમ, એટલે કે, આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોનું સંગઠન અને સીધી ભરતીનું નિયમન) હૂકમ, ૧૯૭૫ જારી કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ હૂકમના અનુસંધાને કારખાના અને બોઈલર્સ વિભાગના મિનિસ્ટેરિયલ પદોને સ્થાનિક કેડરોમાં સંગઠિત કરવામાં આવ્યા. સરકારે અનુચ્છેદ ૩૦૯ના ઉપબંધ હેઠળ વિશેષ નિયમો જારી કરીને કારખાના અને બોઈલર્સ વિભાગો તેમજ શ્રમ વિભાગના સિનિચર આસિસ્ટન્ટને આંધ્ર પ્રદેશ શ્રમ અધિનસ્ત સેવામાં સહાયક શ્રમ અધિકારી/કારખાનાના સહાયક નિરીક્ષકના પદ પર બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર બનાવ્યા. શ્રમ વિભાગના મિનિસ્ટેરિયલ કર્મચારીઓએ ઉક્ત વિશેષ**

નિયમોને રાજ્ય વહીવટી અધિકરણ સમક્ષ પડકાર્યા. અધિકરણે જાહેર કર્યું કે વિવાદિત નિયમો, જેટલી હદ સુધી તેઓ કારખાના અને બોઈલર્સ વિભાગ અથવા અન્ય કોઈ વિભાગના મિનિસ્ટેરિયલ કર્મચારીઓને શ્રમ વિભાગના પદો પર નિમણૂક માટે વિચારણા કરવામાં સક્ષમ બનાવે છે, તે રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૩ અને પનું ઉલ્લંઘન કરે છે અને તેથી રદબાતલ છે. તેથી આ અપીલ.

અપીલકર્તાઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ હૂકમના પેરા ૫(૨) માં વપરાયેલ 'બદલી' શબ્દપ્રયોગને વધુ વ્યાપક અર્થ આપવો જરૂરી હતો અને બઢતીની સંભાવનાઓ સ્પષ્ટપણે પરસ્પર સંબંધિત સંભાવનાઓ હતી તથા તેને બદલીથી અલગ પાડી શકાતી નહોતી.

અપીલ નામંજૂર કરતાં, અદાલતે

હૈરવ્યુ

1. બંધારણમાં કલમ ૩૭૧–ડી અમલમાં મૂકવાનો હેતુ દ્વિવિધ છે:

(એ) આંધ્ર પ્રદેશ રાજ્યના પછાત વિસ્તારોના સમાન વિકાસને પ્રોત્સાહન આપવું, જેથી શક્ય તેટલા પ્રમાણમાં સમગ્ર રાજ્યનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત થઈ શકે.

(બી) શિક્ષણ, રોજગાર અને જાહેર સેવામાં કારકિર્દીના અવસરોના મુદ્દે રાજ્યના વિવિધ વિસ્તારોને સમાનતાપૂર્ણ તકો પ્રદાન કરવા માટે. [૧૯૮–એચ; ૧૯૯–એ]

આંધ્ર પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ વિ. એલ.વી.એ. દીક્ષિતુલુ, એ.આઈ.આર. (૧૯૭૯) એસ.સી. ૧૯૩, પર આધાર રાખવામાં આવ્યો.

૨. રાષ્ટ્રપતિ હૂકમનો પેરા ૫(૧), અર્થાત્ આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોનું સંગઠન અને સીધી ભરતીનું નિયમન) હૂકમ, ૧૯૭૫, તેની જ પેરા ૩(૩)ની શરતો અનુસાર છે. પેરા ૩(૩)માં નિર્ધારિત કરવામાં આવ્યું છે કે દરેક ઝોનમાંનો દરેક વિભાગ અલગ કેડરમાં ગોઠવવામાં આવશે. પેરા ૫(૧) ભરતી, નિમણૂક, મુક્તિ, જેષ્ઠતા, બઢતી અને બદલી તેમજ રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી અન્ય બાબતોના હેતુઓ માટે અલગ એકમ વિશે કહે છે, અને જે પદવર્ગ તથા રાજ્યના જે ભાગ માટે કોઈપણ પદવર્ગ અંગે સ્થાનિક કેડર ગોઠવવામાં આવ્યું હોય, તે માટે ઉપરોક્ત હેતુઓ માટે અલગ એકમ હોવું આવશ્યક છે. પેરા ૫(૨) સશક્તિકારક જોગવાઈના સ્વરૂપની છે, જે રાજ્ય સરકારને નિર્દિષ્ટ કેટલીક પરિસ્થિતિઓમાં બદલી અંગે જોગવાઈ કરવાનો અધિકાર આપે છે. વર્તમાન વિવાદ પેરા ૫(૨)(સી) સાથે સંબંધિત છે; તેમાં “બદલી” વિષે ઉલ્લેખ છે. “બદલી” શબ્દપ્રયોગને બઢતી સંબંધિત પાસાઓનો સમાવેશ થાય તેવો વિસ્તૃત અર્થ આપી શકાય નહિ. અપીલકર્તાઓનો આ દાવો

**કે પેરા ૫(૨)માં બઢતી અને બદલીને અલગ રીતે ગણવામાં આવ્યા હોવા છતાં, તે ભેદ પેરા ૫(૨)થી આવરી લેવાયેલા કેસોમાં લાગુ પડશે નહિ, તે સ્પષ્ટપણે અસંગત છે.**

[૧૯૪–સી–ડી]

**૩.૧. સેવાની બાબતમાં બદલીનો સરળ શબ્દોમાં અર્થ એ છે કે કોઈ સંસ્થાની અંદર નોકરીના સ્થળમાં ફેરફાર. તે જાહેર સેવાની અનુસંગી ઘટના છે અને સામાન્ય રીતે તે માટે કર્મચારીની સંમતિ આવશ્યક નથી. મોટાભાગના સેવા નિયમોમાં બદલી સંબંધિત સ્પષ્ટ જોગવાઈઓ છે. [૧૯૯–એફ]**

**ન્યૂ ઑક્સફર્ડ ઈંગ્લિશ ડિક્શનરી, ૧૯૯૩ આવૃત્તિ, ખંડ ૨, ૩૩૬૭, નો સંદર્ભ લેવામાં આવ્યો.**

**૩.૨. જોકે વ્યાખ્યાઓ ભિન્ન હોઈ શકે છે અને અનેક કેસોમાં બદલીને વધુ વ્યાપક અર્થમાં સંસ્થાના અન્ય કોઈપણ સ્થળે અથવા શાખામાં સ્થાનાંતરણ તરીકે માનવામાં આવે છે, (બદલી) તત્ત્વતઃ તે જ કેડરમાં સમાન પદ પર હોવી જોઈએ. [૨૦૦–એફ]**

બી. વરદા રાવ વિ. કર્ણાટક રાજ્ય, એ.આઈ.આર. (૧૯૮૭) એસ.સી. ૨૮૭, પર આધાર રાખવામાં આવ્યો.

૩.૩. હવે આ બાબત સુસ્થાપિત છે કે સરકારી સેવકને તે જ કેડરમાં સમકક્ષ પદ પર બદલી કરવામાં આવવા પાત્ર ગણવામાં આવે છે, જે સરકારી સેવાની સામાન્ય વિશેષતા અને અનુસંગ છે, અને કોઈપણ સરકારી સેવક કોઈ નિશ્ચિત સ્થાન પર અથવા કોઈ નિશ્ચિત પદ પર યથાવત રહેવાનો દાવો કરી શકતો નથી, સિવાય કે, નિશ્ચિતપણે, તેની નિમણૂક સ્વયં નિર્દિષ્ટ અહસ્તાંતરણિય પદ માટે કરવામાં આવી હોય. કોઈ સરકારી સેવક જે પદ ધારણ કરે છે તેનાથી ઉચ્ચ પદ પર બદલી કરવામાં આવતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો, તે સામાન્ય રીતે નિયોજકના સંગઠનના અંતર્ગત આડવી ગતિ હોય છે, ઊભી ગતિ નહીં.

[૨૦૦–એફ]

૪.૧. રાષ્ટ્રપતિ હૂકમના પરા ૫(૨) માં બદલીનો ઉલ્લેખ છે, બઢતીનો નહીં. અપીલકર્તાઓની આ દલીલ સ્વીકારવી જોખમી ગણાય કે ‘બદલી’ અભિવ્યક્તિમાં બઢતીનો સમાવેશ થાય છે અને હૂકમના પરા ૫(૧) માં કરાયેલા બદલી અને બઢતી વચ્ચેના ભેદમાંથી કોઈ સહાય મેળવી શકાતી નથી. કોઈ અધિનિયમની જોગવાઈ અથવા શબ્દને એકલવાયા રીતે વાંચવાનો નથી. હકીકતમાં, અધિનિયમને સમગ્રરૂપે વાંચવાનો હોય છે. અધિનિયમ વિધાનમંડળનો વિધાનાત્મક હૂકમ છે. એવું કહી શકાય નહીં કે કોઈ હેતુ વિના પરા ૫(૧) માં બદલી અને બઢતી વચ્ચે ભેદ કરવામાં આવ્યો હતો અને એવો

**ભેદ પરા ૫(૨) માં અમલમાં રહે તેવો આશય ન હતો. વિધાનમંડળનો આશય મુખ્યત્વે ઉપયોગમાં લેવાયેલી ભાષામાંથી જ જાણી લેવાનો હોય છે, જેનો અર્થ એ થાય છે કે શું કહેવામાં આવ્યું છે તેમજ શું કહેવામાં આવ્યું નથી તે બંને બાબતો પર ધ્યાન આપવું જોઈએ. પરિણામે, એવી અર્થઘટનાથી દૂર રહેવું જોઈએ જેને ટેકો આપવા માટે શબ્દોનો વધારો કે પ્રતિસ્થાપન કરવું પડે અથવા જે નિરર્થક ગણાવી શબ્દોને નામંજૂર કરવાની પદ્ધતિ અપનાવે. [૨૦૧–જી–એચ; ૨૦૨–એ–બી]**

મોહદ. અલી ખાન વિ. વેલ્થ ટેક્સના કમિશનર, એ.આઈ.આર. (૧૯૯૭) એસ.સી. ૧૧૬૫ અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા વિ. મેસર્સ પ્રાઈસ વોટર હાઉસ, એ.આઈ.આર. (૧૯૯૮) એસ.સી. ૭૪ તેમજ સ્ટેટ ઑફ ગુજરાત વિ. દિલીપભાઈ નાથીભાઈ પટેલ, જે.ટી. (૧૯૯૮) ૨ એસ.સી. ૨૫૩, પર આધાર રાખવામાં આવ્યો.

રોબર્ટ વિગ્રામ ક્રોફર્ડ વિ. રિચર્ડ સ્પૂનર, [૧૮૪૬] ૬ મૂર પીસી ૧, નો સંદર્ભ લેવામાં આવ્યો.

**૪.૨. કોઈ અધિનિયમમાં શબ્દો દાખલ કરીને વાંચવું, જો તે કરવા માટે સંપૂર્ણપણે આવશ્યક ન હોય, તો તે વ્યાખ્યાના તમામ નિયમોના વિરુદ્ધ છે. તે જ રીતે, વિધિમાં આવેલા શબ્દોના સ્થાને કેટલાક અન્ય શબ્દો મૂકીને આગળ વધવું પણ ખોટું અને જોખમી છે. અન્ય શબ્દોમાં, સામાન્ય લાગુ પડતા સ્વરૂપે શબ્દસ્થાપન અથવા ભાવાનુવાદ કરવાનો કોઈ પ્રયાસ થવો જોઈએ નહીં. ધ્યાન માત્ર એટલું જ મર્યાદિત રાખવું જોઈએ જેટલું કોઈ નિશ્ચિત મામલાનો નિર્ણય કરવા માટે જરૂરી હોય. સમકક્ષ માનવામાં આવતાં અન્ય વાક્યાંશો મૂકવાથી ઘણી મુશ્કેલી ઊભી થાય છે, અને પછી એમ માનીને તેના પરથી તર્ક કરવામાં આવે છે જાણે તે અધિનિયમમાં જ હોય. [૨૦૨–ડી]**

સ્ટોક વિ. ફ્રેન્ક જોન્સ (ટિપ્લાન) લિ., [૧૯૭૮] ૧ ઓલ ઈ.આર. ૯૪૮ (એચ.એલ.) અને પિનર વિ. એવેરેટ, [૧૯૬૯] ૩ ઓલ ઈ.આર. ૨૫૭, નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

**૪.૩. જો ભાષાના આધારે યોગ્ય રીતે શક્ય હોય, તો એવી વ્યાખ્યા ટાળવી અદાલત માટે ફરજિયાત છે, જે અધિનિયમના કોઈ ભાગને કોઈપણ અર્થ અથવા લાગુ પડતા પ્રભાવથી વિહોણો બનાવી દે. અધિનિયમોની વ્યાખ્યા કરતી વખતે, અદાલતો હંમેશા એવો અનુમાન રાખે છે કે વિધાનમંડળે તેના દરેક ભાગનો સમાવેશ કોઈ હેતુસર કર્યો છે અને વિધાનાત્મક આશય એવો છે કે અધિનિયમના**

**દરેક ભાગને અસર હોવી જોઈએ. તેથી, "બદલી" શબ્દપ્રયોગના વ્યાપમાં બઢતીનો સમાવેશ થતો નથી. [૨૦૨–એફ]**

યુનિયન ઑફ ઈન્ડિયા વિ. દેઓકી નંદન અગ્રવાલ, એ.આઈ.આર. (૧૯૯૨) એસ.સી. ૯૬, પર અવલંબન રાખવામાં આવ્યું.

**પ. બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી(૧૦)માંથી નિર્વિવાદ રીતે સ્પષ્ટ થાય છે કે ઉક્ત અનુચ્છેદ તથા તેના હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલ કોઈપણ હૂકમને, બંધારણની અન્ય કોઈ જોગવાઈમાં અથવા હાલ અમલમાં રહેલા અન્ય કોઈ કાયદામાં કશું પણ વિરુદ્ધ હોવા છતાં, પ્રભાવ રહેશે. તેથી અનિવાર્ય રીતે, જો એવો અર્થઘટન કરવામાં આવે અને એવું ઠરાવવામાં આવે કે રાષ્ટ્રપતિ હૂકમ અન્ય એકમોમાંથી ફીડર વર્ગના કર્મચારીઓના વિચારને પ્રતિબંધિત કરે છે, તો બંધારણના અનુચ્છેદ ૩૦૯ની જોગવાઈ હેઠળના પરંતુક અનુસાર રાજ્યપાલ દ્વારા બનાવવામાં આવેલ એવો નિયમ રદ કરવો પડશે. ફરીથી, રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ પ(૨) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરતાં જો રાજ્ય સરકાર કોઈ એવી જોગવાઈ કરે કે જે હૂકમના પરા પ(૨) હેઠળ સરકારને અપાયેલી સત્તાની હદ બહારની હોય, તો એવી જોગવાઈ પણ રદ કરવી પડશે. ઉપરોક્ત દષ્ટિકોણથી બંધારણના અનુચ્છેદ ૩૦૯ના પરંતુક હેઠળ રાજ્યપાલ દ્વારા ઘડાયેલા નિયમોનું અર્થઘટન કરતાં, ટ્રિબ્યુનલ દ્વારા દર્શાવવામાં આવેલી હદ**

સુધી ઉક્ત નિયમ બંધારણીય રીતે અમાન્ય છે એવો નિષ્કર્ષ અનિવાર્ય બને છે અને તેનો નિષ્કર્ષ અખંડનીય છે. વર્તમાન પ્રકરણમાં, આક્ષેપિત જોગવાઈઓ રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૫(૨) હેઠળની સત્તાઓનો ઉપયોગ કરીને ઘડવામાં આવી હોય તેમ જણાતું નથી અને તેથી, બંધારણના અનુચ્છેદ ૩૦૯ના પરંતુક હેઠળ બનાવાયેલા નિયમ તરીકે, બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી(૧૦)માં જોગવાઈ મુજબ રાષ્ટ્રપતિ હૂકમ પ્રબળ રહેશે. ભલે તેનું અર્થઘટન રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૫(૨) હેઠળ કરવામાં આવેલા હૂકમ તરીકે કરવામાં આવે, તો પણ ઉક્ત પરિચ્છેદમાં નિર્ધારિત અનુમત્ય મર્યાદાઓની બહાર હોવાથી તે અમાન્ય જ ઠરે. ટ્રિબ્યુનલએ યોગ્ય રીતે ઠરાવ્યું કે લેબર એકમમાં ઉચ્ચ પદ પર બઢતીના હેતુસર ફેક્ટરીઝ અને બોઈલર્સ એકમોના કર્મચારીઓના વિચાર માટે જે હદ સુધી જોગવાઈ કરે છે, તે હદ સુધી તે અમાન્ય છે અને તેથી ટ્રિબ્યુનલના ઉક્ત નિષ્કર્ષમાં કોઈ હસ્તક્ષેપ આવશ્યક નથી. [૨૦૩–ડી; એફ–એચ]

આંધ્ર પ્રદેશ રાજ્ય વિ. વી. સદાનંદમ અને અન્ય, [૧૯૮૯] સપ્લી. ૧ એસ.સી.સી. ૫૭૪ તથા બી. સુબનારાયણ રાવ, [૨૦૦૦] ૪ એસ.સી.સી. ૨૬૨ના ચુકાદાઓ નામંજૂર કરવામાં આવ્યા.

૬. દરેક સેવામાં બઢતી માટેનો એક માર્ગ હોય તે વહીવટના હિતમાં રહેશે, જેથી કોઈ વિશિષ્ટ સ્તરે સ્થગનતા ટાળી શકાય; પરંતુ તે શરતને આધીન કે તે સેવામાં

**કાર્યરત વ્યક્તિઓ અન્યથા ઉચ્ચ બઢતીપાત્ર પદની જવાબદારીઓ વહન કરવા માટે લાયક હોવા જોઈએ. તેથી, સરકારની યોગ્ય સત્તાધિકારીએ આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ અને બોઈલર્સ એન્ડ ફેક્ટરીઝ વિભાગમાં પહેલેથી જ સર્જવામાં આવેલ વધારાના પદોને કાયમી ધોરણે ચાલુ રાખવાની શક્યતા અને ઈચ્છનીયતાનો વિચાર કરવો જોઈએ, જેથી ઉક્ત વિભાગના નીચલા કક્ષાના કર્મચારીઓને બઢતીનો માર્ગ ઉપલબ્ધ રહે અથવા ઓછામાં ઓછું કેટલાક સ્તર સુધી યોગ્ય બઢતીનો અવકાશ રચી શકાય, જેથી સંબંધિત વિભાગના કર્મચારીઓમાં કોઈ અસંતોષ ન રહે. [૨૦૪–બી–ડી]**

દીવાની અપીલક્ષેત્ર અધિકારિતા : દીવાની અપીલ નં. ૯૬૪૩–૯૬૪૪ સન ૧૯૯૫.

હૈદરાબાદ સ્થિત આંધ્ર પ્રદેશ વહીવટી ન્યાયાધિકરણના આર.પી. નં. ૨૪૬૨ અને ૨૬૭૧/૧૯૮૭માં તા. ૧૭.૪.૯૫ના ચુકાદા અને હૂકમમાંથી.

પી.એન. મિશ્રા, જી. સેશાગિરી રાવ અને એસ. મુરલીધર અપીલકર્તાઓ તરફથી.

એલ.એન. રાવ, એસ. સંતાના કૃષ્ણન, જે.એમ. રાજ, કે.સી. સુદર્શન, એસ. ઉદય કુમાર સાગર અને કે.આર. નાગરાજા સામાવાળાઓ તરફથી.

શ્રીમતી કે. અમરેશ્વરી, આર. માધવી લતા દ્ધારા ટી.વી. રત્નમ, આંધ્ર પ્રદેશ સરકાર તરફથી.

અદાલતનો ચુકાદો નીચે મુજબ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો

અરિજિત પાસાયત, ન્યાયમૂર્તીશ્રી.

ભારતના સંવિધાન, ૧૯૫૦ (સંક્ષેપમાં "સંવિધાન") ના અનુચ્છેદ ૩૭૧-ડી હેઠળ જારી કરવામાં આવેલા રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૫(૨) ના વ્યાપ અને પરિસીમા અંગે સ્ટેટ ઑફ આંધ્ર પ્રદેશ એન્ડ અનર. વિ./ વ. સદાનંદમ એન્ડ ઓર્સ. (૧૯૮૯ સપ્લી. (૧) એસ.સી.સી. ૫૭૪) તથા ગવ્ટ. ઑફ એ.પી. એન્ડ અનર. વિ./ બી. સત્યનારાયણ રાવ (મૃત) એલ.આર.એસ. દ્ધારા એન્ડ ઓર્સ. (૨૦૦૦ (૪) એસ.સી.સી. ૨૬૨) માં બે માનનીય ન્યાયમૂર્તીશ્રી દ્ધારા આપેલા બે નિર્ણયોમાં વ્યક્ત કરાયેલા અભિપ્રાયની યોગ્યતા અંગે સંશય વ્યક્ત થવાથી, મુદ્દો ત્રણ ન્યાયમૂર્તીશ્રીની ખંડપીઠ સમક્ષ સંદર્ભિત કરવામાં આવ્યો હતો, અને આ રીતે આ મામલો અમારા સમક્ષ યાદીબદ્ધ થયો હતો.

આ અપીલોમાં વિચારણા માટેનો પ્રશ્ન એ છે કે આંધ્ર પ્રદેશ પ્રશાસકીય ટ્રિબ્યુનલ (સંક્ષેપમાં "ટ્રિબ્યુનલ") નો તે ચુકાદો, જેમાં બંધારણના કલમ ૩૦૯ હેઠળ ઘડાયેલા વિશેષ નિયમોની કેટલીક જોગવાઈઓને બંધારણના કલમ ૩૭૧ડી

હેઠળ જારી કરાયેલ રાષ્ટ્રપતિ હૂકમનો ભંગ કરતી હોવાનું માનીને રદ કરવામાં આવી છે, તે યોગ્ય છે કે નહીં.

સંક્ષેપમાં પૃષ્ઠભૂમિના તથ્યો નીચે મુજબ છે :–

.૧૯૫૬ના રોજ આંધ્ર પ્રદેશ રાજ્યની રચના પહેલાં અને ત્યારબાદ, શ્રમ અને કારખાના વિભાગમાં ૩ એકમો હતા, એટલે કે, શ્રમ, કારખાના અને બોઈલર્સ. આ ત્રેય એકમોમાં મંત્રાલયીન કેડરના કર્મચારીઓને અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર, ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર વગેરે જેવા ઉચ્ચ બિન–તકનીકી કાર્યપાલક પદો પર બઢતી મેળવવાનો માર્ગ ઉપલબ્ધ હતો. આગળની બઢતીની તકો અસિસ્ટન્ટ કમિશનર ઓફ લેબર, ડેપ્યુટી કમિશનર ઓફ લેબર, જોઈન્ટ કમિશનર ઓફ લેબર અને એડિશનલ કમિશનર ઓફ લેબર જેવા પદો સુધી પહોંચતી હતી. ૧૬.૯.૧૯૬૩ના રોજ વિભાગના કારખાના એકમનું વિભાજન કરવામાં આવ્યું અને દુકાનો તથા પ્રતિષ્ઠાનો અધિનિયમ, લઘુત્તમ વેતન અધિનિયમ, મોટર પરિવહન કામદારો અધિનિયમ અને બિન–કારખાના પ્રતિષ્ઠાનો સંબંધિત વેતન ચુકવણી અધિનિયમના વિષયો શ્રમ એકમને હસ્તાંતરિત કરવામાં આવ્યા. ૮.૧૨.૧૯૬૫ના રોજ શ્રમ વિભાગમાં વધુ એક એકમ, એટલે કે, પ્રતિષ્ઠાન એકમ, કારખાના વિંગમાંથી ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબરનાં બિન–તકનીકી પદો (જેનું પુનઃનામકરણ લેબર ઓફિસર તરીકે થયું) અને અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબરનાં પદો (જેનું પુનઃનામકરણ

અસિસ્ટન્ટ લેબર ઓફિસર તરીકે થયું) હસ્તાંતરિત કરીને રચવામાં આવ્યું. આ વ્યવસ્થા પહેલાં ઉપરોક્ત બિન–તકનીકી પદો કારખાના વિંગના નિયંત્રણ હેઠળ હતા. ૧૫.૯.૧૯૬૬ના રોજ સરકારે અનુચ્છેદ ૩૦૯ના ઉપબંધ હેઠળ નિયમો બહાર પાડ્યા, જેના દ્વારા કારખાના અને બોઈલર્સ વિંગના સુપરિન્ટેન્ડન્ટ્સ અને તે વિંગમાં જ રાખવામાં આવેલા અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર્સ ઓફ લેબર (જેનું પુનઃનામકરણ અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ ફેક્ટરીઝ તરીકે થયું) ને ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર (હાલ લેબર ઓફિસર) તરીકે બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર બનાવવામાં આવ્યા. ૨૮.૧.૧૯૭૧ના રોજ સરકારે હૂકમ કર્યો કે મથક ખાતેના જેચ એકમો, એટલે કે, શ્રમ, કારખાના, બોઈલર્સ અને પ્રતિષ્ઠાનમાંનો મંત્રાલયીન સ્ટાફ એક જ એકમ તરીકે ગણવામાં આવે. ૬.૮.૧૯૭૪ના રોજ સરકારે હૂકમ કર્યો કે કારખાના અને બોઈલર્સ એકમો વિભાગપ્રમુખ તરીકે ચીફ ઈન્સ્પેક્ટર ઓફ ફેક્ટરીઝ એન્ડ બોઈલર્સ હેઠળ કાર્ય કરશે, અને શ્રમ તથા પ્રતિષ્ઠાન એકમો કમિશનર ઓફ લેબરના નિયંત્રણ હેઠળ કાર્ય કરશે. વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું કે જેચ એકમોના મંત્રાલયીન સ્ટાફને અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર (જેનું પુનઃનામકરણ અસિસ્ટન્ટ લેબર ઓફિસર તરીકે થયું) અને ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર (જેનું પુનઃનામકરણ લેબર ઓફિસર તરીકે થયું) ના પદે બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર ગણવામાં આવશે. ૧૮.૧૦.૧૯૭૫ના રોજ રાજ્યના જુદા જુદા ભાગોના લોકો માટે જાહેર રોજગાર, શિક્ષણ વગેરે બાબતોમાં સમાન તકો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૭૧–ડી હેઠળ રાષ્ટ્રપતિ હૂકમ બહાર પાડવામાં આવ્યો.

૨૦.૫.૧૯૭૬ના રોજ રાષ્ટ્રપતિ હૂકમ અનુસાર કારખાના અને બોઈલર્સ વિભાગના મંત્રાલયીન પદોને સ્થાનિક કેડરોમાં ગોઠવવામાં આવ્યા. તે જ રીતે, શ્રમ વિભાગના પદોને પણ સ્થાનિક કેડરોમાં ગોઠવવામાં આવ્યા. ૧૧.૫.૧૯૭૭ના રોજ લેબર એન્ફોર્સમેન્ટ ઓફિસરના પદો (જે અગાઉ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર ઓફ લેબર તરીકે ઓળખાતા હતા અને ત્યારબાદ લેબર ઓફિસર તરીકે પુનઃનામિત થયા) ને બહુ–ઝોન કેડરના પદો તરીકે ગોઠવવામાં આવ્યા. ૨.૯.૧૯૭૭ના રોજ અનુચ્છેદ ૩૦૯ના ઉપબંધ હેઠળ બનાવાયેલા નિયમો દ્વારા શ્રમ વિભાગ તથા કારખાના અને બોઈલર્સ વિભાગના યુ.ડી.સી.ઓને અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર/અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ ફેક્ટરીઝના પદો પર બદલી દ્વારા ભરતી માટે પાત્ર બનાવવામાં આવ્યા. ૨૦.૭.૧૯૮૨ના રોજ જી.ઓ. ૫૦૩માં સરકારે નિર્દેશ આપ્યો કે જી.ઓ. ૬૦૭, તા. ૬.૮.૧૯૭૪માં આપવામાં આવેલી આ રાહત, કે કારખાના અને બોઈલર્સ વિભાગનો મંત્રાલયીન સ્ટાફ અસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર (અસિસ્ટન્ટ લેબર ઓફિસર) અને ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેબર (લેબર ઓફિસર) ના પદે બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર રહેશે, તે વિભાગમાં ૨૦.૭.૧૯૮૨ની સ્થિતિએ અંતિમ વ્યક્તિ સુધી ચાલુ રહેશે અને ત્યારબાદ કારખાના અને બોઈલર્સ વિભાગમાં નિમણૂક પામનાર વ્યક્તિઓ અંગે આ રાહત પાછી ખેંચી લેવામાં આવશે. ઉક્ત રાહત ૧૯.૫.૧૯૮૩ના સ્મરણપત્ર દ્વારા વિભાગની અંતિમ વ્યક્તિ સુધી વિસ્તૃત કરવામાં આવી. જી.ઓ. એમ.એસ. નં. ૭૨ દ્વારા સરકારે અનુચ્છેદ ૩૦૯ના ઉપબંધ હેઠળ નિયમો બહાર પાડ્યા, જેના દ્વારા કારખાના અને બોઈલર્સ વિભાગો તેમજ શ્રમ

વિભાગના સિનિયર અસિસ્ટન્ટને અસિસ્ટન્ટ લેબર ઓફિસર/અસિસ્ટન્ટ ઇન્સ્પેક્ટર ઓફ ફેક્ટરીઝના પદે બદલી દ્વારા નિમણૂક માટે પાત્ર બનાવવામાં આવ્યા. આ પદોને ઝોનલ બિન–ગેઝેટેડ પદો ગણવામાં આવ્યા અને નિમણૂકનું એકમ ઝોન રાખવામાં આવ્યું. જી.ઓ. એમ.એસ. ૧૭૦માં અનુચ્છેદ ૩૦૯ના ઉપબંધ હેઠળ નિયમો બહાર પાડીને લેબર ઓફિસરના પદોને બહુ–ઝોનલ કેડરના પદો તરીકે રચવામાં આવ્યા.

૩. મજૂર વિભાગના મંત્રાલયીન કર્મચારીઓએ જી.ઓ.એમ્સ. ૭૨ તારીખ ૨૫.૨.૧૯૮૬ અને જી.ઓ.એમ્સ. ૧૧૭ તારીખ ૨૮.૫.૧૯૮૬ દ્વારા જારી કરાયેલા નિયમોને ટ્રિબ્યુનલ સમક્ષ પડકાર્યા હતા. ટ્રિબ્યુનલની સંપૂર્ણ ખંડપીઠે અરજીઓ મંજૂર કરી અને એવો જાહેરનામો કર્યો કે વિવાદિત નિયમો, જેટલી હદ સુધી તેઓ ફેક્ટરીઝ એન્ડ બોઇલર્સ વિભાગ અથવા અન્ય કોઈપણ વિભાગના મંત્રાલયીન કર્મચારીઓને મજૂર વિભાગના પદો પર નિમણૂક માટે વિચારણા પાત્ર બનાવે છે, તે રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૩ અને ૫નું ઉલ્લંઘન કરતા હોવાથી અને તેથી શૂન્ય હતા. જોકે, સરકારને એ સ્વતંત્રતા આપવામાં આવી હતી કે ટ્રિબ્યુનલ સમક્ષ અરજીઓ દાખલ થવાને ૩ વર્ષથી વધુ સમય પહેલાં મજૂર વિભાગના કાર્યપાલક પદો પર નિયમિત રીતે નિયુક્ત થયેલ વ્યક્તિઓ માટે, સંબંધિત ઝોનમાં મજૂર વિભાગના કર્મચારીઓના હકોને અસર કર્યા વિના, ફેક્ટરીઝ એન્ડ બોઇલર્સ વિભાગોમાં પદો સર્જી શકે.

૪. ટ્રિબ્યુનલના નિષ્કર્ષો મૂળરૂપે નીચે મુજબ છે :–

રાષ્ટ્રપતિ હૂકમ ૧૮.૧૦.૧૯૭૫ના રોજ અમલમાં મૂકવામાં આવ્યો હતો. સિનિયર આસિસ્ટન્ટના પદને ઝોનલ કેડરમાં સંગઠિત કરવું આવશ્યક છે અને શ્રમ વિભાગ માટે વધારાનો શહેર કેડર હોવો જોઈએ. પરા ૩ હેઠળ દરેક વિભાગમાં કેડરનું સંગઠન કરવાનું અર્થ સ્થાયી તેમજ અસ્થાયી પદોના સંદર્ભમાં કેડરની સંખ્યાત્મક શક્તિ નિર્ધારિત કરવાનું પણ સમાવેશે છે. મૂળભૂત નિયમોમાં કેડરની વ્યાખ્યા અનુસાર, રાષ્ટ્રપતિ હૂકમના અમલીકરણ માટે લેવાયેલી પ્રથમ આવશ્યક કાર્યવાહી એ હતી કે સ્થાનિક કેડરમાં સંગઠિત કરવાનાં દરેક પદ માટે કેડરની શક્તિ નિર્ધારિત કરીને કેડરોનું સ્થાનિકીકરણ કરવામાં આવે. રાષ્ટ્રપતિ હૂકમની અનુસૂચિ ૨માં દર્શાવેલ આવશ્યકતાઓમાં ઝોનનો ભૌગોલિક વ્યાપ અને અનુપાત તેમજ વિભાગની વહીવટી જરૂરિયાતોનો પણ સમાવેશ થાય છે. ભરતી, નિમણૂક, વરિષ્ઠતા, બઢતી અને બદલી માટે રાષ્ટ્રપતિ હૂકમના પરા ૫(૧) હેઠળ સ્થાનિક કેડર એકમ છે. તેથી, ઝોનના સંગઠિત કેડર માટે ઝોન એકમ છે. પરા ૯ પદના આગલા હિસાબે વહન વિશે કહે છે, ખાલી જગ્યા વિશે નહીં. પરા ૫(૧) અનુસાર વિભાગનું આવશ્યક કેડર ભરતી, નિમણૂક, વરિષ્ઠતા, બઢતી, બદલી વગેરેના હેતુ માટે એકમ રહેશે. સમકક્ષ પદ પર બદલી પણ ઝોનની અંદર મર્યાદિત રાખવાની આવશ્યકતા છે. પરા ૫(૨) રાજ્ય સરકારને ઝોનલ કેડર બહાર તે જ શ્રેણીના પદમાંથી અને તે જ

શ્રેણીના પદ પર કોઈ વ્યક્તિની બદલી અંગે જોગવાઈઓ કરવા સક્ષમ બનાવે છે. નોંધવું જરૂરી છે કે દરેક વિભાગનું આવશ્યક કેડર માત્ર સીધી ભરતી માટે જ નહીં, પરંતુ બદલી દ્વારા ભરતી, વરિષ્ઠતા અને વિભાગમાં બઢતી માટે પણ એકમ છે. અન્ય વિભાગના છ અલગ કેડરોમાં સંગઠિત મિનિસ્ટિરીયલ કર્મચારીઓની વધારાની ફીડર શ્રેણી પરા ૩(૩) અને ૫(૧)ની આવશ્યકતાઓનું ઉલ્લંઘન કરશે, કારણ કે વિભાગમાં ઉચ્ચ પદો પર બઢતી અને નિમણૂકના હેતુઓ માટે વિભાગીય કેડરમાં વરિષ્ઠતા જ માપદંડ હોવી જોઈએ. તદનુસાર, નિયમોને અનુચ્છેદ ૩૭૧–ડીનું ઉલ્લંઘન કરનાર માનવામાં આવ્યા હતા.

૫. પરવાનગી મંજૂર થયા પછી જ્યારે મામલો સુનાવણી માટે મુકાયો ત્યારે અપીલકર્તાઓ તરફથી શિખેલ વકીલે વી. સદાનંદમ (ઉપરોક્ત) અને બી. સત્યનારાયણ રાવ (ઉપરોક્ત) ના નિર્ણયો પર આધાર રાખીને એવો દાવો કર્યો કે આ સર્વોચ્ચ અદાલતે સમાન જોગવાઈઓને માન્ય રાખી છે, જેને ટ્રિબ્યુનલ દ્વારા શૂન્ય ગણાવીને રદ કરવામાં આવી છે. જોકે, અપીલોની સુનાવણી કરતી ખંડપીઠે આ કેસોમાં વ્યક્ત થયેલા અભિપ્રાયની યોગ્યતા અંગે શંકા વ્યક્ત કરી હતી અને ઉપર નોંધ્યા મુજબ અપીલોને ૩ ન્યાયમૂર્તીશ્રીની ખંડપીઠ સમક્ષ મુકવા આદેશિત કરવામાં આવી હતી.

૬. શ્રી પી.એન. મિશ્રા, અપીલકર્તાઓ તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂ કર્યું કે ઉપર ઉલ્લેખિત બે નિર્ણયો આ કેસના તથ્યો પર સંપૂર્ણપણે લાગુ પડે છે. કોઈપણ સ્થિતિમાં, નિયમો રાષ્ટ્રપતિ હૂકમને અનુરૂપ બનાવવામાં આવ્યા છે અને તેમાં કોઈ અસંગતિ નથી. રાષ્ટ્રપતિ હૂકમના પેરા ૫(૨) દ્વારા, તે પેરામાં દર્શાવેલ પરિસ્થિતિઓમાં રાજ્ય સરકારને જરૂરી આદેશો પસાર કરવાની સત્તા અપાયેલી છે. તેમના મુજબ, આ મામલામાં જાહેર હિત સર્વોપરી છે અને પૃષ્ઠભૂમિના તથ્યોને ધ્યાનમાં લેતા સરકારને એવું લાગ્યું હતું કે જાહેર રોજગારીના મામલે રાજ્યના જુદા જુદા ભાગોના લોકોને સમાનતાપૂર્વકની તકો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિવાદિત નિયમો ઘડવામાં આવ્યા હતા. જો ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવેલ અર્થઘટન સ્વીકારવામાં આવે, તો તેનો અર્થ તકોના ઇનકાર સમાન થશે અને તે રાષ્ટ્રપતિ હૂકમની મૂળ ભાવનાના વિરુદ્ધ જશે. વધુમાં એમ પણ રજૂ કરવામાં આવ્યું કે પેરા ૫(૨) માં ઉપયોગમાં લેવાયેલ 'બદલી' શબ્દને વ્યાપક અર્થ આપવો જોઈએ, અને બઢતીની સંભાવનાઓ સ્પષ્ટપણે પરસ્પર સંકળાયેલી છે તથા તેને બદલીથી અલગ કરી શકાતી નથી. જરૂરી હોય તો, તેમના મુજબ, હેતુલક્ષી અર્થઘટન કરવું જોઈએ.

તેના વિપરીત, ટ્રિબ્યુનલ સમક્ષ અરજદાર રહેલાં સામાવાળાઓ તરફથી હાજર વિદ્વાન વકીલે રજૂ કર્યું કે રાષ્ટ્રપતિ હૂકમનો મૂળ હેતુ ઉપેક્ષિત વિસ્તારોના વ્યક્તિઓને વધુ સારી રોજગાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે અને તેમાંથી ભિન્નતા કરવાની વ્યાપ્તિ ખૂબ જ મર્યાદિત છે; અને જો રાજ્ય કોઈ ભિન્નતા કરવા

ઈચ્છતું હોય, તો તેને રાષ્ટ્રપતિ હૂકમમાં નિર્ધારિત જોગવાઈઓના ચાર ખૂણાંની અંદર એવું કરવા સત્તા પ્રાપ્ત છે. તેમના અનુસાર, બદલી સમાન પદોના સંદર્ભમાં માન્ય છે, અને કોઈપણ રીતે કલ્પના કરીને પણ તેમાં બઢતીની સંભાવના અથવા માર્ગનો સમાવેશ કરવો માન્ય નથી.

૭. આંધ્ર પ્રદેશ રાજ્ય તરફથી હાજર વિદ્વાન વકીલે રજૂ કર્યું કે, ભલે અપીલકર્તા દ્વારા એવો તર્ક કરવામાં આવ્યો હોય કે ટ્રિબ્યુનલ સમક્ષ રાજ્યનો અભિપ્રાય વિવાદિત નિયમોની યોગ્યતા અંગેનો હતો, અને જોગવાઈઓના વધુ સૂક્ષ્મ અવલોકન પરથી એવું નોંધાયું છે કે ટ્રિબ્યુનલનો ચુકાદો કોઈ ખામીથી પીડિત નથી અને તેથી રાજ્ય દ્વારા અપીલો દાખલ કરવામાં આવી નહોતી. આગળ એવું પણ સૂચવવામાં આવ્યું છે કે ટ્રિબ્યુનલના ચુકાદાને અમલમાં મૂકવા માટે અતિરિક્ત સંખ્યાના પદો સર્જવામાં આવ્યા છે.

પ્રતિસ્પર્ધી રજૂઆતોની મૂળવણી કરવા માટે, વિવાદ સાથે જેટલી હદ સુધી સંબંધિત હોય એવી કેટલીક વૈધાનિક જોગવાઈઓનો ઉલ્લેખ કરવો આવશ્યક રહેશે, જેઓ પર આધાર રાખવામાં આવ્યો છે. અનુ. ૩૭૧-ડી સંબંધિત હદ સુધી નીચે મુજબ વાંચવામાં આવે છે :-

"૩૭૧-ડી(૧) આંધ્ર પ્રદેશ રાજ્ય અંગે કરાયેલા હૂકમ દ્વારા રાષ્ટ્રપતિ, સમગ્ર રાજ્યની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને, જાહેર રોજગારના વિષયમાં તથા શિક્ષણના વિષયમાં, રાજ્યના વિવિધ ભાગોને સંબંધિત લોકો માટે સમાનતાપૂર્ણ

અવસર અને સુવિધાઓની જોગવાઈ કરી શકે છે, અને રાજ્યના વિવિધ ભાગો માટે ભિન્ન જોગવાઈઓ કરવામાં આવી શકે છે.

(૨) ઉપકલમ (૧) હેઠળ કરવામાં આવેલો હૂકમ, ખાસ કરીને –

(એ) રાજ્ય સરકારને રાજ્યની નાગરિક સેવામાંના કોઈપણ વર્ગ અથવા વર્ગોના હોદ્દાઓને, અથવા રાજ્ય હેઠળના નાગરિક હોદ્દાઓના કોઈપણ વર્ગ અથવા વર્ગોને, રાજ્યના વિવિધ ભાગો માટે જુદા જુદા સ્થાનિક કેડરોમાં ગોઠવવા અને આવા રીતે ગોઠવાયેલા સ્થાનિક કેડરોને, હૂકમમાં નિર્ધારિત કરવામાં આવે તેવી સિદ્ધાંતો અને પ્રક્રિયા અનુસાર, આવા હોદ્દાઓ ધારણ કરનાર વ્યક્તિઓની ફાળવણી કરવા ફરજ પાડવી;

(બી) રાજ્યનો કોઈપણ એવો ભાગ અથવા એવા ભાગો નિર્દિષ્ટ કરવો કે જેને સ્થાનિક વિસ્તાર તરીકે ગણવામાં આવશે–

(૧) રાજ્ય સરકાર હેઠળના કોઈપણ સ્થાનિક કેડરમાંની જગ્યાઓ પર સીધી ભરતી માટે (ભલે તે આ અનુચ્છેદ હેઠળના હૂકમના અનુસંધાને સંગઠિત કરવામાં આવેલ હોય કે અન્ય રીતે રચાયેલ હોય);

(૨) રાજ્યની અંદર આવેલી કોઈપણ સ્થાનિક સત્તા હેઠળના કોઈપણ કેડરના પદો પર સીધી ભરતી માટે; અને

(૩) રાજ્યની અંદરની કોઈપણ યુનિવર્સિટીમાં પ્રવેશના હેતુઓ માટે અથવા રાજ્ય સરકારના નિયંત્રણને આધીન હોય તેવી કોઈપણ અન્ય શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશના હેતુઓ માટે;

(સી) કયા પરિમાણ સુધી, કઈ રીતથી અને કઈ શરતોને આધીન રહીને, પ્રાધાન્ય અથવા અનામત આપવામાં આવશે અથવા કરવામાં આવશે તે નિર્દિષ્ટ કરવું –

(૧) હૂકમમાં આ બાબતે જે રીતે નિર્દિષ્ટ કરવામાં આવેલ હોય તે મુજબ, ઉપખંડ (બી) માં ઉલ્લેખિત એવા કોઈપણ કેડરના પદો પર સીધી ભરતીના વિષયમાં;

(૨) આ સંદર્ભમાં હૂકમમાં જે રીતે નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ, ઉપખંડ (બી) માં ઉલ્લેખિત એવી કોઈપણ યુનિવર્સિટી અથવા અન્ય શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ બાબતે, સંબંધિત કેડર, યુનિવર્સિટી અથવા અન્ય શૈક્ષણિક સંસ્થાના સ્થાનિક વિસ્તારમાં હૂકમમાં નિર્દિષ્ટ કોઈપણ અવધિ માટે નિવાસ કરેલા અથવા અભ્યાસ કરેલા ઉમેદવારોને અથવા તેમના હિતમાં, જે તે સ્થિતિ મુજબ.

(૩) રાષ્ટ્રપતિ, હૂકમ દ્વારા, આંધ્ર પ્રદેશ રાજ્ય માટે એક વહીવટી ન્યાયાધિકરણની રચના કરવા અંગે જોગવાઈ કરી શકે છે, જેથી તે નીચે દર્શાવેલ બાબતોના સંબંધમાં હૂકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અધિકારિતા, સત્તાઓ અને અધિકારનો ઉપયોગ કરી શકે [જેમાં એવી કોઈપણ અધિકારિતા, સત્તા અને અધિકારનો સમાવેશ થાય છે કે જે બંધારણ (બત્રીસમો સુધારો) અધિનિયમ, ૧૯૭૩ ના અમલમાં આવતાં તાત્કાલિક પહેલાં, કોઈપણ અદાલત દ્વારા

(સર્વોચ્ચ અદાલત સિવાય) અથવા કોઈપણ ન્યાયાધિકરણ અથવા અન્ય સત્તાધિકારી દ્વારા ઉપયોગમાં લેવાતા હતા], અર્થાત્ :-

(એ) રાજ્યની કોઈપણ નાગરિક સેવામાં એવા વર્ગ અથવા વર્ગોના પદ પર નિમણૂંક, ફાળવણી અથવા બઢતી, અથવા રાજ્ય હેઠળના નાગરિક પદોના એવા વર્ગ અથવા વર્ગો પર, અથવા રાજ્યની અંદર આવેલી કોઈપણ સ્થાનિક સત્તાધિકારીના નિયંત્રણ હેઠળના પદોના એવા વર્ગ અથવા વર્ગો પર, જેમ હૂકમમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય;

(બી) રાજ્યની કોઈ નાગરિક સેવામાં આવી વર્ગ અથવા વર્ગોના પદો પર, અથવા રાજ્ય હેઠળના નાગરિક પદોના આવી વર્ગ અથવા વર્ગો પર, અથવા રાજ્યની અંદર કોઈ સ્થાનિક સત્તાધિકારીના નિયંત્રણ હેઠળના પદોના આવી વર્ગ અથવા વર્ગો પર, જે હૂકમમાં નિર્ધારિત કરવામાં આવ્યા હોય, તેવી નિમણૂક કરવામાં આવેલ, ફાળવવામાં આવેલ અથવા બઢતી આપવામાં આવેલ વ્યક્તિની જ્યેષ્ઠતા;

(સી) રાજ્યની કોઈપણ નાગરિક સેવામાં એવી વર્ગ અથવા વર્ગોના પદો પર નિયુક્ત, ફાળવેલ અથવા બઢતી અપાયેલા વ્યક્તિઓની, અથવા રાજ્યના આધીન એવી વર્ગ અથવા વર્ગોના નાગરિક પદો પર, અથવા રાજ્યની અંદર આવેલી કોઈપણ સ્થાનિક સત્તામંડળના નિયંત્રણ હેઠળ એવી વર્ગ અથવા વર્ગોના પદો પર, સેવાશરતો બાબતની એવી અન્ય શરતો, જે હૂકમમાં નિર્દિષ્ટ કરવામાં આવી હોય.

(૪) ...

(૫) ...

(૬) ...

(૭) ...

(૮) ...

(૯) કોઈપણ અદાલત, અધિકરણ અથવા અન્ય સત્તાધિકારીના કોઈપણ ચુકાદા, હુકમનામા અથવા હૂકમ હોવા છતાં –

(એ) કોઈપણ વ્યક્તિની કોઈ નિમણૂંક, પોસ્ટિંગ, બઢતી અથવા બદલી નહીં –

(૧) ૧લી નવેમ્બર, ૧૯૫૬ના દિવસ પહેલાં, તે તારીખ પહેલાં અસ્તિત્વમાં રહેલા હૈદરાબાદ રાજ્યની અંદર સરકાર હેઠળની કોઈપણ હોદ્દા પર, અથવા તેની અંદરની કોઈપણ સ્થાનિક સત્તા હેઠળની કોઈપણ હોદ્દા પર, કરવામાં આવેલ; અથવા

(૨) સંવિધાન ( બત્રીસમો સુધારો ) અધિનિયમ, ૧૯૭૩ ના પ્રારંભ પહેલાં, આંધ્ર પ્રદેશ રાજ્યની અંદર સરકાર હેઠળના અથવા કોઈપણ સ્થાનિક અથવા અન્ય સત્તાધિકારી હેઠળના કોઈપણ પદ પર કરવામાં આવેલ; અને

(બી) ઉપખંડ (એ) માં ઉલ્લેખિત કોઈપણ વ્યક્તિ દ્વારા અથવા તેની સમક્ષ લેવામાં આવેલી કોઈ કાર્યવાહી અથવા કરાયેલ કોઈ કાર્યને, માત્ર આ આધાર પર કે તેવી વ્યક્તિની નિમણૂંક, પદસ્થાપન, બઢતી અથવા બદલી તે સમયે

અમલમાં રહેલા કોઈ કાયદા અનુસાર, હૈદરાબાદ રાજ્યની અંદર અથવા પ્રસંગોપાત, આંધ્ર પ્રદેશ રાજ્યના કોઈપણ ભાગની અંદર નિવાસ સંબંધિત કોઈ આવશ્યકતા માટે જોગવાઈ કરતો કાયદો અનુસરીને કરવામાં આવી નહોતી, ગેરકાયદેસર અથવા શૂન્ય ગણવામાં આવશે નહીં કે ક્યારેય ગેરકાયદેસર અથવા શૂન્ય બની ગઈ હોવાનું માનવામાં આવશે નહીં.

(૧૦) આ અનુચ્છેદની જોગવાઈઓ તથા તે હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા કોઈપણ હૂકમને, આ બંધારણની અન્ય કોઈપણ જોગવાઈમાં અથવા હાલ અમલમાં રહેલા અન્ય કોઈપણ કાયદામાં સમાવાયેલ કોઈપણ બાબત છતાં, અમલક્ષમ અસર રહેશે."

"આક્ષેપિત નિયમો : (જેટલા અંશે સંબંધિત છે, તે મુજબ નીચે પ્રમાણે વાંચવા) :-

હૂકમ

નીચેની અધિસૂચના આંધ્ર પ્રદેશ રાજપત્રમાં પ્રકાશિત કરવામાં આવશે :-

અધિસૂચના

ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના ઉપબંધ દ્વારા પ્રદાન કરાયેલ સત્તાઓનો ઉપયોગ કરીને, આંધ્ર પ્રદેશના રાજ્યપાલ અત્રે આંધ્ર પ્રદેશ શ્રમ અધીનસ્ત સેવાઓમાં સહાયક શ્રમ અધિકારીઓના પદો માટે નીચે મુજબના વિશેષ નિયમો બનાવે છે :

આથી બનાવવામાં આવેલ નિયમ ૨.૦૯.૧૯૮૫થી અમલમાં આવેલ હોવાનું માનવામાં આવશે;

નિયમો

(૧) બંધારણ : આ વર્ગમાં આંધ્ર પ્રદેશ મજૂર અધીનસ્ત સેવામાં કારખાનાઓના મજૂર નિરીક્ષકો સહિત સહાયક મજૂર અધિકારીઓનો સમાવેશ થશે.

(૨) નિમણૂક : વર્ગમાં નિમણૂક કરવામાં આવશે :

(૧) સીધી ભરતી દ્વારા;

(૨) આંધ્ર પ્રદેશ મિનિસ્ટિરીયલ સર્વિસીસમાં શ્રમ વિભાગ તથા ફેક્ટરીઝ અને બોઇલર્સ વિભાગના સિનિયર આસિસ્ટન્ટ્સ અને સિનિયર સ્ટેનોગ્રાફર્સની વર્ગોમાંથી, ખાલી જગ્યા જે ઝોનમાં ઊભી થાય છે તે જ ઝોનોમાં કાર્યરત વ્યક્તિઓ સુધી મર્યાદિત રાખીને, બદલી દ્વારા ભરતીથી;

(૩) ભરતી દ્વારા બદલીના આધારે, આંધ્ર પ્રદેશ જનરલ સબઓર્ડિનેટ સર્વિસ હેઠળના મજૂર વિભાગના મજૂર કલ્યાણ કેન્દ્રોમાં કાર્યરત કર્મચારીઓમાંથી, અને તે મર્યાદા સાથે કે ભરતી માત્ર તે જ ઝોનમાં કાર્યરત કર્મચારીઓમાંથી કરાશે જેમાં ખાલી જગ્યાઓ ઊભી થાય.

પરંતુ શરત એવી રહેશે કે વર્ગમાં બદલી દ્વારા થતી તમામ નિમણૂકો વરિષ્ઠતા–સહ–કાર્યક્ષમતાના આધારે કરવામાં આવશે.

વધુમાં, એ પણ જોગવાઈ કરવામાં આવે છે કે શ્રમ વિભાગમાં વરિષ્ઠ સહાયકો, વરિષ્ઠ સ્ટેનોગ્રાફરો અને શ્રમ કલ્યાણ કેન્દ્રોમાં કાર્યરત કર્મચારીઓમાંથી સહાયક શ્રમ અધિકારીઓના પદ પર નિમણૂંક અનુક્રમે ૮:૧:૧ ના અનુપાતમાં નીચે મુજબની ફેરબદલી અનુસાર કરવામાં આવશે :–

(૧) વરિષ્ઠ સહાયક

(૨) વરિષ્ઠ સહાયક

(૩) વરિષ્ઠ સહાયક

(૪) શ્રમ કલ્યાણ કેન્દ્ર સ્ટાફ

(૫) વરિષ્ઠ સહાયક

(૬) વરિષ્ઠ સહાયક

(૭) વરિષ્ઠ સહાયક

(૮) વરિષ્ઠ સ્ટેનોગ્રાફર

(૯) વરિષ્ઠ સહાયક

(૧૦) વરિષ્ઠ સહાયક;

પરંતુ આ પણ નિર્ધારિત છે કે રજાની ખાલી જગ્યાઓ સિવાયની ૧૦ ખાલી જગ્યાઓની એક એકમમાં, ૧લી, ૪થી, ૭મી અને ૧૦મી ખાલી જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવશે અને બાકી રહેલી છ ખાલી જગ્યાઓ બદલી દ્વારા નિયુક્તિથી ભરવામાં આવશે.

શરતે આ પણ છે કે નિયામકાલયના વરિષ્ઠ સહાયકો અને વરિષ્ઠ સ્ટેનોગ્રાફરો તેમજ અધીનસ્થ કચેરીઓના વરિષ્ઠ સહાયકો અને વરિષ્ઠ સ્ટેનોગ્રાફરો પૈકી, નિમણૂક નીચે દર્શાવેલ અનુક્રમમાં અનુક્રમે ૨:૩ ના પ્રમાણમાં કરવામાં આવશે :

૧લી ખાલી જગ્યા – અધીનસ્થ કચેરી

૨મી ખાલી જગ્યા – નિયામક કચેરી

૩રી ખાલી જગ્યા – અધીનસ્થ કાર્યાલય

ચોથી ખાલી જગ્યા – નિયામક કાર્યાલય

પમી ખાલી જગ્યા – અધીનસ્થ કચેરી

આ વધુમાં પણ જોગવાઈ કરવામાં આવે છે કે જો ડિરેક્ટોરેટ કચેરી અથવા મજૂર કલ્યાણ કેન્દ્રના સ્ટાફ સહિતના અધીનસ્થ કચેરીને સંબંધિત પાત્ર ઉમેદવાર, ફરતી ક્રમમાં તેમને ફાળવાયેલા વારમાં નિમણૂક માટે ઉપલબ્ધ ન હોય, તો ફરતી ક્રમમાં તેમને ફાળવાયેલો વાર લુપ્ત ગણાશે અને ખાલી જગ્યા ફરતી ક્રમના અનુગામી વારમાંના ઉમેદવાર દ્વારા ભરવામાં આવશે.

(૩) નિમણૂક સત્તાધિકારી : સંબંધિત ઝોનોમાં સંબંધીત ડેપ્યુટી કમિશનર ઑફ લેબર સહાયક શ્રમ અધિકારીઓના પદો માટે નિમણૂક સત્તાધિકારી રહેશે.

(૪) નિમણૂકની એકમ : ભરતી, નિમણૂક, ખાલી જગ્યા ન હોવાને કારણે મુક્તિ, જ્યેષ્ઠતા, બઢતી, બદલી અને પૂર્ણ સભ્ય તરીકેની નિમણૂકના હેતુઓ માટે, નીચે વિગતવાર દર્શાવ્યા મુજબ સાત અલગ એકમો રહેશે :

ક્ષેત્ર – ૧ : જેમાં શ્રીકાકુલમ, વિઝિયાનગરમ અને વિશાખાપટ્ટનમ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૨ : જેમાં પૂર્વ ગોદાવરી, પશ્ચિમ ગોદાવરી અને કૃષ્ણા જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૩ : જેમાં ગુન્ટૂર, પ્રકાશમ અને નેલ્લોર જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૪ : જેમાં કુર્નૂલ, કુડ્ડપાહ, અનંતપુર અને ચિત્તોર જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૫ : તેમાં આદિલાબાદ, કરીમનગર, વારંગલ અને ખમ્મમ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૬ : જેમાં રંગારેડ્ડી, નલગોંડા, મહબૂબનગર, મેડક અને નિઝામાબાદ જિલ્લાઓનો સમાવેશ થાય છે.

ઝોન – ૭ : હૈદરાબાદ અને સિકંદરાબાદના જોડીયા શહેરો."

રાષ્ટ્રપતિ હૂકમ : ( જ્યાં સુધી સંબંધિત છે ) નીચે મુજબ છે :–

ભારતના રાષ્ટ્રપતિનો નીચેનો હૂકમ, જી.એસ.આર. પ૨૪(ઈ), તા. ૧૮.૧૦.૧૯૭૫નો, પુનઃપ્રકાશિત કરવામાં આવે છે :–

આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોનું સંગઠન અને પ્રત્યક્ષ ભરતીનું નિયમન) હૂકમ, ૧૯૭૫.

હૂકમ

:- જી.એસ.આર. ૫૨૪(ઈ) :- બંધારણના અનુચ્છેદ ૩૭૧-ડી ના કલમખંડો (૧) અને (૨) દ્વારા પ્રદાન કરવામાં આવેલ સત્તાઓનો ઉપયોગ કરતાં, રાષ્ટ્રપતિ આ દ્વારા આંધ્ર પ્રદેશ રાજ્ય સંબંધે નીચેનો હૂકમ કરે છે, નામે :-

(૧) સંક્ષિપ્ત શીર્ષક, વ્યાપ અને અમલારંભ - (૧) આ હૂકમને આંધ્ર પ્રદેશ જાહેર રોજગાર (સ્થાનિક કેડરોનું સંગઠન અને સીધી ભરતીનું નિયમન) હૂકમ, ૧૯૭૫ તરીકે ઓળખી શકાશે.

(૨) તે આંધ્ર પ્રદેશ રાજ્યના સમગ્ર વિસ્તારમાં વ્યાપ્ત થાય છે.

(૩) તે તાત્કાલિક અમલમાં આવશે.

(૨) અર્થઘટન - (૧) આ હૂકમમાં, જો સંદર્ભથી અન્યથા આવશ્યક ન હોય તો -

(એ) ...

(બી) ...

(સી) કોઈપણ સ્થાનિક કેડરના સંબંધમાં 'સ્થાનિક વિસ્તાર' નો અર્થ એવો સ્થાનિક વિસ્તાર થાય છે, જે હૂકમના પરિચ્છેદ ૬ માં આવા સ્થાનિક કેડરમાં પદો પર સીધી ભરતી માટે નિર્દિષ્ટ કરવામાં આવ્યો હોય, અને તેમાં, સિવિલ

આસિસ્ટન્ટ સર્જન્સની શ્રેણીને આવતાં પદોના સંદર્ભમાં, આ હૂકમના પરિચ્છેદ ૮ ના ઉપપરિચ્છેદ (૫) માં નિર્દિષ્ટ સ્થાનિક વિસ્તારોનો પણ સમાવેશ થાય છે;

(ડી) 'સ્થાનિક સત્તાધિકારી'; તેમાં એવી કોઈપણ સ્થાનિક સત્તાધિકારીનો સમાવેશ થતો નથી, જે રાજ્ય સરકારના નિયંત્રણને આધીન ન હોય;

(ઈ) 'સ્થાનિક સંવર્ગ' નો અર્થ રાજ્ય સરકાર હેઠળની પદોની કોઈપણ સ્થાનિક સંવર્ગ, જે પરિચ્છેદ ૩ના અનુસરણમાં સંગઠિત કરવામાં આવી હોય, અથવા રાજ્યના કોઈપણ ભાગ માટે અન્ય રીતે રચવામાં આવી હોય;

(એફ) કોઈપણ સ્થાનિક વિસ્તારના સંદર્ભમાં 'સ્થાનિક ઉમેદવાર'નો અર્થ એવો ઉમેદવાર થાય છે, જે તેવા સ્થાનિક વિસ્તારના સંદર્ભમાં ફકરા ૭ હેઠળ સ્થાનિક ઉમેદવાર તરીકે પાત્ર ઠરે છે;

(જી)...

(એચ) 'અનુસૂચિ' નો અર્થ આ હૂકમ સાથે જોડવામાં આવેલ અનુસૂચિ થાય છે;

(૧)...

(જે)...

(કે) 'રાજ્ય સરકાર'નો અર્થ આંધ્ર પ્રદેશ સરકાર

(એલ)...

(એમ) 'ઝોન' નો અર્થ દ્વિતીય અનુસૂચિમાં નિર્દિષ્ટ અને તેમાં ઉલ્લેખિત પ્રદેશોનો સમાવેશ કરતો ઝોન થાય છે;

(૨) આ હૂકમના અર્થઘટન માટે સામાન્ય જોગવાઈઓ અધિનિયમ, ૧૮૯૭ (૧૮૯૭ નો ૧૦) એ જ રીતે લાગુ પડે છે, જેમ તે કેન્દ્રીય અધિનિયમના અર્થઘટન માટે લાગુ પડે છે.

(૩) સ્થાનિક કેડરની રચના –

(૧) રાજ્ય સરકાર આ હૂકમના અમલારંભથી બાર મહિનાની અવધિની અંદર, રાજ્યની નાગરિક સેવાઓમાં રહેલા પદોના વર્ગો તથા રાજ્ય હેઠળના નાગરિક પદોના વર્ગોને, રાજ્યના વિવિધ ભાગો માટે, નીચે ત્યારબાદ જોગવાઈ કરવામાં આવી છે તે હદ સુધી અને તે રીતે, અલગ અલગ સ્થાનિક કેડરોમાં ગોઠવશે.

(૨) દરેક જિલ્લામાં દરેક વિભાગમાં નીચલા વિભાગીય લિપિકની શ્રેણીના પદો તથા તેમાંથી સમકક્ષ અથવા તેથી નીચલી અન્ય દરેક શ્રેણીના પદોને અલગ કેડરમાં સંગઠિત કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ – આ ઉપપરિચ્છેદ, પરિચ્છેદ ૬ ના ઉપપરિચ્છેદ (૧), અને પરિચ્છેદ ૮ ના ઉપપરિચ્છેદ (૧) ના હેતુઓ માટે, કોઈ વર્ગને નીચલા વિભાગના લિપિકના વર્ગ સમકક્ષ અથવા તેનાથી નીચલો ગણવામાં આવશે, જો તે વર્ગને આવતી કોઈ પદની વેતનશ્રેણીનું લઘુત્તમ, અથવા જ્યાં તે પદ માટે નિશ્ચિત વેતન મળતું હોય ત્યાં એવું નિશ્ચિત વેતન, નીચલા વિભાગના લિપિકની વેતનશ્રેણીના લઘુત્તમ જેટલું અથવા તેનાથી ઓછું હોય.

(૩) ઉપ–પરિચ્છેદ (૨) માં ઉલ્લેખિત કરાયેલ પદો સિવાય, દરેક ઝોનમાં દરેક વિભાગની દરેક બિન–ગેઝેટેડ શ્રેણીને અનુરૂપ પદોને અલગ કેડર તરીકે સંગઠિત કરવામાં આવશે.

(૪) દરેક ઝોનમાં દરેક વિભાગની દરેક નિર્દિષ્ટ રાજપત્રિત શ્રેણીને સંબંધિત હોદ્દાઓને અલગ કેડરમાં ગોઠવવામાં આવશે।

(૫) ઉપ–પરિછેદો (૩) અને (૪) માં સમાવિષ્ટ કોઈપણ બાબત હોવા છતાં, રાજ્ય સરકાર, જ્યાં તેને એવું કરવું ઉપયુક્ત લાગે અને કેન્દ્રીય સરકારની મંજૂરી સાથે, તેમાં ઉલ્લેખિત કોઈપણ વર્ગના પદોને, કોઈપણ વિભાગમાં અથવા તેની કોઈપણ સ્થાપનામાં, બે અથવા તેથી વધુ અવિચ્છિન્ન ઝોનમાં, એક જ કેડરમાં ગોઠવી શકે છે.

(૬)...

(૭) રાજ્યના કોઈપણ ભાગ માટે કોઈપણ વિભાગમાં કોઈપણ પ્રકારની પદશ્રેણી અંગે અલગ કેડરનું સંગઠન કરતી વખતે, આ હૂકમમાં રહેલી કોઈ પણ બાબત એવી માનવામાં આવશે નહીં કે જે રાજ્ય સરકારને રાજ્યના એવા ભાગ માટે એવા વિભાગમાં એવી પદશ્રેણી અંગે એકથી વધુ કેડરનું સંગઠન કરવા અથવા ચાલુ રાખવા પરથી અટકાવે.

(૮) જ્યાં કેન્દ્રીય સરકાર આ બાબતે સંતુષ્ટ થાય છે કે કોઈ વિભાગમાં ગેઝેટેડ ન હોય તેવી કોઈપણ હોદ્દાઓની શ્રેણી અંગે આ પરિચ્છેદ હેઠળ સ્થાનિક કેડરોનું સંગઠન કરવું વ્યવહારુ અથવા અનુકૂળ નથી, ત્યાં તે સૂચના દ્વારા તે અસરની

જાહેરાત કરી શકે છે અને આવી જાહેરાત થતા આ પરિચ્છેદની જોગવાઈઓ હોદ્દાઓની એવી શ્રેણી પર લાગુ પડશે નહીં.

(૪)... ... ... ...

(૫) સ્થાનિક કેડરો અને વ્યક્તિઓનું બદલીકરણ :-

(૧) રાજ્યનો દરેક એવો ભાગ, જેના માટે પદોની કોઈપણ શ્રેણી સંબંધે સ્થાનિક કેડરનું આયોજન કરવામાં આવ્યું હોય, તે પદોની તે શ્રેણી સંબંધે ભરતી, નિમણૂક, સેવા મુક્તિ, જ્યેષ્ઠતા, બઢતી અને બદલી તેમજ રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય બાબતોના હેતુઓ માટે, એક અલગ એકમ ગણાશે.

(૨) આ હૂકમમાં આવતું કંઈપણ રાજ્ય સરકારને નીચેની બાબતો માટે જોગવાઈઓ કરવાની બાબતમાં અટકાવશે નહીં :

(એ) કોઈપણ સ્થાનિક કેડરથી એવી કોઈપણ કચેરી અથવા સ્થાપના ખાતે, જેના પર આ હૂકમ લાગુ પડતો નથી, અથવા તેનાથી વિપરીત, કોઈ વ્યક્તિનું બદલી કરવું;

(બી) રાજ્યના કોઈ ભાગ ઉપર પ્રાદેશિક અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતી કોઈપણ કચેરી અથવા સ્થાપનામાંના પદોનો સમાવેશ કરતી સ્થાનિક કેડરમાંથી કોઈ વ્યક્તિનું આવા ભાગમાંના પદોનો સમાવેશ કરતી અન્ય કોઈ સ્થાનિક કેડરમાં, અથવા તેનું ઉલટું, બદલી; અને

(સી) એક વ્યક્તિનું એક સ્થાનિક કેડરમાંથી બીજા સ્થાનિક કેડરમાં બદલી કરવી, જ્યાં ઉત્તરવર્તી કેડરમાં કોઈ લાયક અથવા યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન હોય અથવા જ્યાં આવી બદલી અન્યથા જાહેર હિતમાં આવશ્યક માનવામાં આવે."

(૬) સ્થાનિક વિસ્તારો :

(૧) દરેક જિલ્લાને સ્થાનિક વિસ્તાર તરીકે ગણવામાં આવશે –

(૧) તે જિલ્લામાં રાજ્ય સરકાર હેઠળના કોઈપણ સ્થાનિક કેડરનાં હોદ્દાઓમાં, જે તે જિલ્લામાં કોઈપણ વિભાગના તમામ અથવા કોઈપણ હોદ્દાઓનો સમાવેશ કરતા હોય અને જે હોદ્દાઓ નીચલા વિભાગના લિપિકની શ્રેણીને સંબંધિત હોય અથવા નીચલા વિભાગના લિપિકની શ્રેણી સમકક્ષ અથવા તેનાથી નીચી કોઈપણ અન્ય શ્રેણીને સંબંધિત હોય, તેમાં સીધી ભરતી માટે;

(૨) તે જિલ્લામાં આવેલી કોઈપણ સ્થાનિક સત્તા હેઠળના કોઈપણ કેડરના પદો પર સીધી ભરતી માટે, એવી વેતનશ્રેણી ધરાવતા પદો, જેના લઘુત્તમ વેતન નીચલી કક્ષાના લિપિકની વેતનશ્રેણીના લઘુત્તમથી વધુ ન હોય, અથવા તે રકમથી વધુ ન હોય એવું નિશ્ચિત વેતન.

(૨) દરેક ઝોનને સ્થાનિક વિસ્તાર તરીકે ગણવામાં આવશે;

(૧) રાજ્ય સરકાર હેઠળના કોઈપણ સ્થાનિક કેડરમાં, તે ઝોનના કોઈપણ વિભાગમાં આવેલી તમામ અથવા કોઈપણ હોદ્દાઓમાંથી, ઉપખંડ (૧) માં

ઉલ્લેખિત હોદ્દાઓ સિવાયની કોઈપણ રાજપત્રિત ન હોય તેવી શ્રેણીને સંબંધિત હોદ્દાઓ પર સીધી ભરતી માટે;

(૨) તે ઝોનમાં કોઈપણ વિભાગમાં તહસીલદારો અને જુનિયર એન્જિનિયરોની વર્ગોમાં આવતી તમામ અથવા તેમાંથી કોઈપણ જગ્યાઓનો સમાવેશ કરતી કોઈપણ સ્થાનિક કેડરમાં આવેલી જગ્યાઓમાં સીધી ભરતી માટે;

(૩) તે ઝોનની અંદર આવેલ કોઈપણ સ્થાનિક સત્તા મંડળ હેઠળના કોઈપણ કેડરના પદો પર સીધી ભરતી માટે, જેમાં વેતનશ્રેણી એવી હોય કે તેનું લઘુત્તમ નીચલા વિભાગના લિપિકની વેતનશ્રેણીના લઘુત્તમ કરતાં વધુ હોય, પરંતુ પ્રતિ માસ રૂ. ૪૮૦.૦૦ કરતાં વધુ ન હોય; અથવા નિશ્ચિત વેતન એવું હોય કે જે નીચલા વિભાગના લિપિકની વેતનશ્રેણીના લઘુત્તમ કરતાં વધુ હોય, પરંતુ પ્રતિ માસ રૂ. ૪૮૦.૦૦ કરતાં વધુ ન હોય;

૮. કલમ ૩૭૧–ડી ને અધિનિયમિત કરવાનો ઉદ્દેશ દ્વિગુણો હોવાનું જણાય છે :–

(૧) રાજ્ય આંધ્ર પ્રદેશના પછાત વિસ્તારોના સમાન વિકાસને પ્રોત્સાહન આપવા માટે, જેથી સમગ્ર રાજ્યનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરી શકાય.

(૨) શિક્ષણ, રોજગાર અને જાહેર સેવામાં વ્યવસાયિક પ્રગતિની સંભાવનાઓ સંબંધિત બાબતમાં રાજ્યના વિવિધ વિસ્તારોને સમાન અને ન્યાયસંગત તકો પ્રદાન કરવી.

આવું આંધ્ર પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ વિ. એલ.વી.એ. દીક્ષિતુલુ, ૧૯૭૮ લેબ આઈસી ૧૬૭૨ માં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

૯. નોંધનીય છે કે રાષ્ટ્રપતિ હૂકમનો પેરા ૫(૧) તેના પેરા ૩(૩) ના શબ્દોમાં છે. પેરા ૩(૩) માં એવી કલ્પના કરવામાં આવી છે કે દરેક ઝોનના દરેક વિભાગને અલગ કેડરમાં ગોઠવવામાં આવશે. પેરા ૫(૧) ભરતી, નિમણૂક, મુક્તિ, જ્યેષ્ઠતા, બઢતી અને બદલી તથા એવી અન્ય બાબતો, જે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવે, તે હેતુઓ માટે અલગ એકમ અંગે કહે છે; અને જે પદવર્ગ તથા રાજ્યના જે ભાગ માટે સ્થાનિક કેડર ગોઠવવામાં આવ્યું હોય, તે પદવર્ગ અંગે ઉપરોક્ત હેતુઓ માટે અલગ એકમ હોવું આવશ્યક છે. પેરા ૫(૨) સક્ષમ બનાવતી જોગવાઈના સ્વરૂપની છે, જે રાજ્ય સરકારને કેટલાક નિર્દિષ્ટ સંજોગોમાં બદલી અંગે જોગવાઈ કરવાની સત્તા આપે છે. વર્તમાન વિવાદ પેરા ૫(૨)(સી) સાથે સંબંધિત છે. તેમાં "બદલી" અંગે ઉલ્લેખ છે. અપીલકર્તાઓનો પ્રયત્ન એ શબ્દપ્રયોગને વિસ્તૃત અર્થ આપીને તેમાં બઢતી સંબંધિત પાસાઓનો પણ સમાવેશ કરવાનો છે. તે સંદર્ભમાં એવી દલીલ કરવામાં આવી છે કે, જો કે પેરા ૫(૧) બઢતી અને બદલીને અલગ રીતે ગણે છે, તેમ છતાં તે ભેદ પેરા ૫(૨) હેઠળ આવતાં કેસોમાં લાગુ પડશે નહીં. આ દલીલ સ્પષ્ટપણે અસ્થિર છે.

૧૦. સેવાના સંદર્ભમાં બદલીને સરળ શબ્દોમાં કહીએ તો, તેનો અર્થ સંસ્થાની અંદર રોજગારના સ્થળમાં ફેરફાર એવો થાય છે, જેમ કે ન્યૂ ઑક્સફર્ડ ઇંગ્લિશ

ડિક્શનરી, ૧૯૯૩ આવૃત્તિ, ભાગ ૨, પૃષ્ઠ ૩૩૬૭ માં જણાવવામાં આવ્યું છે. તે જાહેર સેવાની એક અનુસંગિક ઘટના છે અને સામાન્ય રીતે કર્મચારીની સંમતિની આવશ્યકતા રહેતી નથી. મોટાભાગના સેવા નિયમોમાં બદલી અંગે સ્પષ્ટ જોગવાઈઓ હોય છે. ઉદાહરણ તરીકે, ફન્ડામેન્ટલ રૂલ ૧૫ આ પ્રમાણે જોગવાઈ કરે છે :

"એફ.આર. ૧૫(એ). રાષ્ટ્રપતિ એક સરકારી કર્મચારીને એક પદ પરથી બીજા પદ પર બદલી કરી શકે છે, પરંતુ અપવાદરૂપે –

(૧) અયોગ્યતા અથવા દુરાચરણના કારણે, અથવા

(૨) તેની લેખિત વિનંતી પર,

સરકારી સેવકને, નિયમ ૪૯ દ્વારા આવરી લેવાતા કેસ સિવાય, તે જે કાયમી પદ પર લિયન ધરાવે છે અથવા નિયમ ૧૪ હેઠળ તેનું લિયન સ્થગિત ન થયું હોત તો લિયન ધરાવત, તે પદના વેતન કરતાં ઓછી વેતનવાળું પદ પર મૂળરૂપે બદલી કરવી નહીં, અથવા તેવા પદ પર કાર્યકારી તરીકે નિમણૂક કરવી નહીં.

(બી) આ નિયમની કલમ (એ) માં અથવા નિયમ ૯ ની કલમ (૧૩) માં સમાવાયેલ કંઈપણ એવું અસરકારક બનશે નહીં કે જેથી સરકારી કર્મચારીને તે પદ પર પુનઃબદલી કરવામાં અવરોધ ઊભો થાય, જેના પર તે હકધારિત્વ ધરાવતો હોત, જો નિયમ ૧૪ ની કલમ (એ) ની જોગવાઈઓ અનુસાર તે હકધારિત્વ સ્થગિત કરવામાં આવ્યું ન હોત."

સેવા નિયમો ક્યારેક બદલીની વ્યાખ્યા નિર્ધારિત કરે છે. ઉદાહરણરૂપે, કેન્દ્ર સરકારના સેવકોને શાસન કરતા ફંડામેન્ટલ નિયમોના અનુપૂરક નિયમ ૨(૧૮) માં બદલીની વ્યાખ્યા નીચે મુજબ કરવામાં આવી છે :

"નિયમ ૨(૧૮) : બદલીનો અર્થ એવો થાય છે કે સરકારના કર્મચારીને તે જે એક મુખ્ય મથક કેન્દ્ર ખાતે ફરજ બજાવે છે ત્યાંથી બીજા એવા મુખ્ય મથક કેન્દ્ર ખાતે ખસેડવામાં આવે, પૈકી કોઈપણ રીતે either

(એ) નવી પદની ફરજો સંભાળવા, અથવા

(બી) તેમના મુખ્ય મથકના પરિણામસ્વરૂપ."

યદ્ધપિ વ્યાખ્યાઓ ભિન્ન હોઈ શકે છે અને અનેક કિસ્સાઓમાં બદલીને સંસ્થાના અન્ય કોઈપણ સ્થાન અથવા શાખામાં સ્થળાંતર તરીકે વિશાળ અર્થમાં માનવામાં આવે છે, તેમ છતાં, આ અદાલતે બી. વરધા રાવ વિ. સ્ટેટ ઑફ કર્ણાટક પ્રકરણમાં અવલોકન કર્યું મુજબ, મૂળભૂત રીતે બદલીનો અર્થ એ જ કેડરમાં સમકક્ષ પદ પર કરાતી બદલી એવો થાય છે. હવે આ સુસ્થાપિત કાનૂની સ્થિતિ છે કે સરકારી સેવકને એ જ કેડરમાં સમકક્ષ પદ પર બદલી કરી શકાય છે, જે સરકારી સેવાનો સામાન્ય લક્ષણ અને અંગભૂત પરિણામ છે, અને કોઈ પણ સરકારી સેવક કોઈ નિશ્ચિત સ્થળે અથવા કોઈ નિશ્ચિત પદ પર જ રહેવાનો દાવો કરી શકતો નથી, જો સુધી, નિશ્ચિતરૂપે, તેની નિમણૂક જાતે જ નિર્દિષ્ટ અને અબદલપાત્ર ન હોય એવા પદ પર ન થઈ હોય. સરકારી સેવક હાલ જે પદ ધારણ કરે છે તેનાથી ઉચ્ચ પદ પર કોઈ બદલી કરવામાં આવતી નથી. બીજા

શબ્દોમાં કહીએ તો, તે સામાન્ય રીતે નિયોજકની સંસ્થાની અંદર આડકતરી અને ઊર્ધ્વગામી નહીં એવી ગતિ હોય છે.

૧૧. સદાનંદમના કેસના (ઉપરોક્ત) ફકરા ૧૫ પર આ દલીલ કરવા માટે દ્દઢ નિર્ભરતા મુકવામાં આવી છે કે બદલીમાં બઢતીનો પણ સમાવેશ થાય છે. ઉક્ત ફકરો નીચે મુજબ છે

પ્રથમ દ્રષ્ટિએ, અમારે નિર્દેશ કરવો જરૂરી છે કે ટ્રિબ્યુનલ પ્રેસિડેનશિયલ ઓર્ડરના પેરા ૫(૨)નું યોગ્ય પરિપ્રેક્ષ્યમાં અર્થઘટન કરવામાં નિષ્ફળ ગયું છે અને તે અંતર્ગત રાજ્ય સરકારને પેરા ૫(૧) હેઠળ નિર્ધારિત સ્થાનિક કેડરોની યોજનાના વિરુદ્ધ જોગવાઈઓ કરવાની સોંપાયેલ સત્તાને પૂર્ણ અસર આપી નથી. પેરા ૫ના ઉપ-પેરા (૨)ના શબ્દો, એટલે કે, "આ હૂકમમાં કંઈ પણ રાજ્ય સરકારને માટે જોગવાઈ કરવાથી રોકશે નહીં", તે ઉપ-પેરા હેઠળ રાજ્ય સરકારને અપાયેલી અગ્રાધિકારી સત્તાઓ દર્શાવે છે. આવી અગ્રાધિકારી સત્તાઓ રાજ્ય સરકારને સ્પષ્ટ શબ્દોમાં આ સિદ્ધાંતની માન્યતા સ્વરૂપે અપાઈ છે કે જાહેર હિત અને વહીવટી આવશ્યકતાઓને સ્થાનિક કેડરો અને ઝોનો સાથે સંબંધિત સભ્યોના બઢતીલક્ષી હિતો કરતાં પ્રાધાન્ય છે. કારણ કે પેરા ૫(૨) પણ પ્રેસિડેનશિયલ ઓર્ડરનો જ ભાગ છે, તેથી તે સ્થાનિક કેડરો અને ઝોનોની રચના માટે કલ્પાયેલી યોજનાનો પણ ભાગ બને છે. તેથી, ટ્રિબ્યુનલનો એવો અભિપ્રાય લેવો ભૂલભર્યો હતો કે જો રાજ્ય સરકાર પેરા ૫(૨) હેઠળની પોતાની સત્તાનો ઉપયોગ કરે અને ડિરેક્ટોરેટના યુ.ડી. આસિસ્ટન્ટ્સ તથા સચિવાલયના

આસિસ્ટન્ટ સેક્શન ઓફિસર્સને ઝોન ૧ થી ૪ સુધીની જગ્યાઓ પર બદલી દ્વારા બઢતી આપવા માટે જોગવાઈ કરે, તો તે પેરા ૫(૧) હેઠળના કેડરો અને ઝોનોની રચનાનો જ સચોટ નિષેધ બનશે અને પ્રેસિડેનશિયલ ઓર્ડરના મૂળભૂત ઢાંચાને વિધ્વંસક ઠરશે. હકીકતમાં, ટ્રિબ્યુનલએ પેરા ૫(૨)ની પ્રવર્તમાન અસરને અમુક હદ સુધી સમજી છે, પરંતુ કલમ ૫(૨)ની વ્યાપ્તિ અંગે જે સમજ તેને થઈ છે તેને સંપૂર્ણ અસર આપવામાં તે નિષ્ફળ ગયું છે. ઈ.સ. ૧૯૮૩ની આર.પી. નં. ૧૫૯૫માં આપેલા તેના ચુકાદાના પેરા ૧૨માં ટ્રિબ્યુનલએ જણાવ્યું છે કે સુધારેલા નિયમમાં પ્રેસિડેનશિયલ ઓર્ડરના પેરા ૫(૨)નો ઉલ્લેખ કરાયેલ હોવાથી, "હવે અરજદારોને અગાઉની આર.પી.માં અગાઉના સુધારા સંબંધે જે રીતે પડકાર કરવામાં આવ્યો હતો તે રીતે આ સુધારાને પડકારવો ખુલ્લો રહેશે નહીં." આ રીતે ટ્રિબ્યુનલએ નોંધ્યું છે કે સુધારેલો નિયમ સરકાર દ્વારા પેરા ૫(૨) હેઠળની પોતાની સત્તાના પ્રયોગથી લાવવામાં આવ્યો છે, પરંતુ તેમાંથી અનુસરતા તાર્કિક અનુમાનને ઉપસાવવામાં તે નિષ્ફળ ગયું છે.

આ નોંધવું જરૂરી છે કે અપીલકર્તાઓના વિદ્વાન વકીલે આધાર રાખેલા બીજા કેસમાં સદાનંદમ કેસ (ઉપરોક્ત) નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને કાનૂની જોગવાઈઓનું કોઈ સ્વતંત્ર મૂલવણી કરવામાં આવી નહોતી.

૧૨. અમને જણાય છે કે રાષ્ટ્રપતિ હૂકમના પરિચ્છેદ ૫(૨) માં બદલીનો ઉલ્લેખ છે, બઢતીનો નહીં. અપીલકર્તાઓની આ દલીલ સ્વીકારવી જોખમસભર બને કે

'બદલી' શબ્દપ્રયોગમાં બઢતીનો સમાવેશ થાય છે અને હૂકમના પરિચ્છેદ ૫(૧) માં કરવામાં આવેલા ભેદમાંથી કોઈ સહાય લઈ શકાય નહીં. કોઈ અધિનિયમની કોઈ જોગવાઈ અથવા શબ્દને એકલવાયે વાંચવો નહિ. હકીકતમાં, અધિનિયમને સમગ્રરૂપે વાંચવો આવશ્યક છે. અધિનિયમ વિધાનમંડળનો વિધિ–હૂકમ છે. એવું કહી શકાય નહિ કે કોઈ હેતુ વિના પરિચ્છેદ ૫(૧) માં બદલી અને બઢતી વચ્ચે ભેદ કરવામાં આવ્યો હતો અને એવો ભેદ પરિચ્છેદ ૫(૨) માં અમલમાં લાવવા નિર્ધારિત નહોતો.

વિધાનમંડળનો આશય મુખ્યત્વે વપરાયેલી ભાષામાંથી જ જાણી શકાય એવો છે, જેના અર્થ એ થાય છે કે શું કહેવામાં આવ્યું છે તેમજ શું કહેવામાં આવ્યું નથી તેની ઉપર પણ ધ્યાન આપવું જોઈએ. મોહદ. અલી ખાન વિ./એસ. કમિશનર ઑફ વેલ્થ ટેક્સ, ન્યુ દિલ્હી અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા વિ./એસ. એમ/એસ. પ્રાઈસ વોટર હાઉસ જુઓ. પરિણામે, જે અર્થઘટનને આધાર આપવા માટે શબ્દોનો ઉમેરો કરવો અથવા બદલી કરવી જરૂરી બને, અથવા જે નિરર્થક ગણાવીને શબ્દોને નકારી કાઢવાની પદ્ધતિ અપનાવે, તેવી અર્થઘટન ટાળવી જોઈએ. રોબર્ટ વિગ્રામ ક્રોફર્ડ વિ./એસ. રિચર્ડ સ્પૂનર (૧૮૪૬ (૬) મૂર પી.સી. ૧) માં પ્રિવી કાઉન્સિલે જણાવ્યું હતું કે, "અમે અધિનિયમમાં વિધાનમંડળે કરેલી અપૂર્ણ શબ્દરચનાને સહાય આપી શકતા નથી; અમે તેમાં ઉમેરો કરી શકતા નથી કે સુધારો કરી શકતા નથી; અને અર્થઘટન દ્વારા, ત્યાં રહી ગયેલી ખામીઓને પૂર્ણ કરી શકતા નથી." ઉપરોક્ત

નિર્ણયનો આ અદાલતે સ્ટેટ ઑફ ગુજરાત અને અન્ય વિ./એસ. દિલીપભાઈ નાથજીભાઈ પટેલ અને અન્ય એક (જે.ટી. ૧૯૯૮ (૨) એસ.સી. ૨૫૩) માં ઉલ્લેખ કર્યો હતો. સંપૂર્ણપણે આવશ્યક ન હોય ત્યાં સુધી કોઈ અધિનિયમમાં શબ્દો ઉમેરીને વાંચવું અર્થઘટનના તમામ નિયમોના વિરુદ્ધ છે. તેવી જ રીતે, કાયદાકીય જોગવાઈના શબ્દોના સ્થાને બીજા કેટલાક શબ્દો મૂકી આગળ વધવું ખોટું અને જોખમી છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાન્ય પ્રયોગરૂપ કોઈ બદલી અથવા પરિભાષા કરવાનો પ્રયત્ન થવો જોઈએ નહીં. ધ્યાન માત્ર કોઈ નિશ્ચિત પ્રકરણના નિરાકરણ માટે જે જરૂરી હોય તેટલું જ મર્યાદિત રાખવું જોઈએ. સમકક્ષ માનવામાં આવતાં અન્ય પ્રયોગો મૂકી દેવામાંથી ઘણો ગેરસમજ ઊભો થાય છે, અને પછી જાણે તે અધિનિયમમાં જ હોય એમ તેમનો આધાર લઈને તર્ક કરવામાં આવે છે. યુનિયન ઑફ ઈન્ડિયા વિ./એસ. દેઓકી નંદન અગ્રવાલ માં નોંધવામાં આવ્યું હતું કે અદાલત વિધાનમંડળનું પુનઃમસોદાકરણ કરી શકતી નથી, કારણ કે તેને કાયદો બનાવવાની કોઈ સત્તા નથી. અદાલત પર એ ફરજિયાત છે કે ભાષાના આધારે યોગ્ય રીતે શક્ય હોય ત્યાં એવી અર્થઘટન ટાળે, જે કાયદાની કોઈ જોગવાઈને કોઈ અર્થ કે અમલ વિના મૂકી દે. કાયદાઓના અર્થઘટનમાં અદાલતો હંમેશા એ અનુમાન રાખે છે કે વિધાનમંડળે તેની દરેક જોગવાઈ કોઈ હેતુસર સામેલ કરી છે અને વિધાનમંડળનો આશય એ છે કે કાયદાની દરેક જોગવાઈને અસર થવી જોઈએ.

અતએવ, અમને અપીલકર્તાની આ દલીલ સ્વીકારવા માટે કોઈ કારણ જણાતું નથી કે "તબદીલી" શબ્દપ્રયોગના વ્યાપમાં બઢતીનો સમાવેશ થાય છે.

૧૩. અહીં અમે નોંધ લઈ શકીએ કે આંધ્ર પ્રદેશ રાજ્ય તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલે આ અદાલતમાં દાખલ કરાયેલા પ્રત્યુત્તર સોગંદનામાના સંદર્ભે રજૂઆત કરી હતી કે પડકારાયેલ નિયમોનો હેતુ ફકરા ૫(૨) મુજબ "જાહેર હિત" માટે કર્મચારીઓનો કોઈ અલગ વર્ગ ઉભો કરવાનો ન હતો. સ્થિતિ એવી હોવાથી, ફકરા ૫(૨) મુજબ પ્રકરણદીઠ વિચારણા આવશ્યક બને છે કે કેમ તે પ્રશ્નમાં જવાની અમને જરૂર નથી.

૧૪. સદાનંદમના કેસમાં (ઉપરોક્ત), રાજ્ય સરકારે બનાવેલા નિયમોની સુધારેલ જોગવાઈઓની કાયદેસરતા વિચારતાં અને તેને યથાવત્ રાખતાં, આ અદાલતનું માનવું હતું કે ઉપરોક્ત નિયમો આંધ્ર પ્રદેશ ઓર્ડિનન્સ ૧૯૮૩ના ૫ ની કલમ (૩) સાથે રાષ્ટ્રપતિ હૂકમના પરિછેદ ૫(૨)(એ) વાંચીને બનાવવામાં આવ્યા હોવાથી, નિયમને રદ કરવાના ટ્રિબ્યુનલના નિષ્કર્ષમાં ભૂલ હતી. અદાલતનું એ પણ માનવું હતું કે ભરતી કરવાની પદ્ધતિ અને કઈ શ્રેણીમાંથી કોઈ સેવામાં ભરતી કરવી તે નીતિ સંબંધિત બાબતો છે, જે સંપૂર્ણપણે કારોબારીના અધિકારક્ષેત્ર અને ક્ષેત્રાધિકારમાં આવે છે, અને ભરતીની પદ્ધતિ પસંદ કરવા અથવા કઈ શ્રેણીમાંથી ભરતી થવી જોઈએ તે બાબતે કારોબારીની બુદ્ધિ–સુઝ ઉપર ન્યાયિક સંસ્થાઓએ ચુકાદો આપવો યોગ્ય નથી. અમારી વિચારપૂર્વકની માન્યતા મુજબ, ઉપરોક્ત બંને કારણો રાષ્ટ્રપતિ હૂકમની જોગવાઈઓનું યથાર્થ

અર્થઘટન કરતી નથી. પ્રારંભે, નોંધવું યોગ્ય છે કે બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી (૧૦) માં નિર્વિવાદ રીતે દર્શાવવામાં આવ્યું છે કે ઉક્ત અનુચ્છેદ તથા તેની હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા કરાયેલ કોઈપણ હૂકમને, બંધારણની અન્ય કોઈ જોગવાઈમાં અથવા તે સમયે અમલમાં રહેલા અન્ય કોઈ કાયદામાં કશું પણ વિરુદ્ધ હોય તો પણ, અસરકારકતા રહેશે. તેથી અનિવાર્ય રીતે, જો એવું અર્થઘટન કરવામાં આવે અને એવું ઠરાવવામાં આવે કે રાષ્ટ્રપતિ હૂકમ અન્ય એકમોમાં આવેલી ફીડર શ્રેણીના કર્મચારીઓના વિચારને પ્રતિબંધિત કરે છે, તો પછી બંધારણના અનુચ્છેદ ૩૦૯ ના પ્રાવધાન હેઠળ રાજ્યપાલે બનાવેલો એવો નિયમ રદ કરવો પડશે. ત્યારબાદ ફરી, રાષ્ટ્રપતિ હૂકમના પરિછેદ ૫(૨) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને જો રાજ્ય સરકાર એવી કોઈ જોગવાઈ કરે, જે હૂકમના જ પરિછેદ ૫(૨) હેઠળ સરકારને અપાયેલ સત્તાની સીમાથી બહાર હોય, તો આવી જોગવાઈ પણ રદ કરવી પડશે. ઉપરોક્ત દૃષ્ટિકોણથી બંધારણના અનુચ્છેદ ૩૦૯ ના પ્રાવધાન હેઠળ રાજ્યપાલે બનાવેલા નિયમોનું અર્થઘટન કર્યા પછી, એ નિષ્કર્ષ અનિવાર્ય બને છે કે ટ્રિબ્યુનલ દ્વારા દર્શાવેલ મર્યાદા સુધીનો ઉક્ત નિયમ બંધારણીય રીતે અમાન્ય છે અને તેનું નિષ્કર્ષ અખંડનીય છે. વર્તમાન કેસમાં, વિવાદિત જોગવાઈઓ રાષ્ટ્રપતિ હૂકમના પરિછેદ ૫(૨) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને બનાવવામાં આવી હોવાનું જણાતું નથી અને તેથી, બંધારણના અનુચ્છેદ ૩૦૯ ના પ્રાવધાન હેઠળ બનાવાયેલા નિયમ તરીકે, બંધારણના અનુચ્છેદ ૩૭૧–ડી (૧૦) મુજબ રાષ્ટ્રપતિ હૂકમને પ્રાધાન્ય મળશે. ભલે તેનું અર્થઘટન રાષ્ટ્રપતિ હૂકમના પરિછેદ ૫(૨) હેઠળ કરાયેલા

હૂકમ તરીકે કરવામાં આવે, તો પણ તે જોગવાઈ ઉક્ત પરિછેદ હેઠળ નિર્ધારિત માન્ય મર્યાદાઓથી બહાર હોવાના કારણે અમાન્ય જ ગણાશે. આ દૃષ્ટિએ, ટ્રિબ્યુનલએ યોગ્ય રીતે ઠરાવ્યું કે મજૂર એકમમાં ઉચ્ચ પદ પર બઢતીના હેતુસર ફેક્ટરીઝ અને બોઈલર્સ એકમોના કર્મચારીઓના વિચાર માટે જે હદ સુધી જોગવાઈ કરે છે, તે હદ સુધી જોગવાઈ અમાન્ય છે, અને તેથી ટ્રિબ્યુનલના ઉક્ત નિષ્કર્ષમાં અમારી દખલ માટે અમને કોઈ ન્યાયસંગત કારણ દેખાતું નથી અને સદાનંદમના કેસમાં (ઉપરોક્ત) આ અદાલતનો અગાઉનો ચુકાદો યોગ્ય રીતે નક્કી થયો નહોતો એમ માનવું પડશે. પરિણામે, સત્યનારાયણ રાવના કેસમાં (ઉપરોક્ત) પણ એ જ સ્થિતિ રહેશે.

૧૫. ઉપરોક્ત અમારા નિષ્કર્ષ છતાં, દરેક સેવામાં બઢતી માટેનો માર્ગ ઉપલબ્ધ હોવો વહીવટના હિતમાં રહેશે, જેથી કોઈ નિશ્ચિત સ્તરે સ્થગનતા ટાળી શકાય; જોકે આ શરત હેઠળ કે સંબંધિત સેવાના હોદ્દેદારો ઉચ્ચ બઢતીપાત્ર પદની જવાબદારીઓ વહન કરવા માટે અન્યથા લાયકાત ધરાવતા હોય. તેથી, સરકારની યોગ્ય સત્તાએ આ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ અને બોઈલર્સ અને ફેક્ટરીઝ વિભાગમાં અગાઉથી સર્જવામાં આવેલા અધિકસંખ્ય પદોને કાયમી ધોરણે ચાલુ રાખવાની શક્યતા અને ઇચ્છનીયતા અંગે વિચારણા કરવી જોઈએ, જેથી ઉક્ત વિભાગના નીચલા સ્તરના કર્મચારીઓને બઢતીનો માર્ગ ઉપલબ્ધ થાય અથવા ઓછામાં ઓછું અમુક સ્તર સુધી યોગ્ય બઢતીનો માર્ગ તૈયાર

કરવામાં આવે, જેથી સંબંધિત વિભાગના કર્મચારીઓમાં અસંતોષ ઉત્પન્ન ન થાય.

અપીલો કોઈપણ ગુણદોષ વગરની હોવાથી તે અનુસાર નામંજૂર કરવામાં આવે છે.

*The translation of this judgment has been provided by M/s. Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be

authentic and shall hold the field for the purpose of execution and implementation.